RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 228 Dt. 10-12-2024 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

આપના મોબાઈલમાં રાજકોટ મિરર મેળવવા ઈચ્છો છો?
QR કોડ સ્કેન કરો અને જોડાવ અમારા whatsapp ગ્રુપમાં

### સંસદના કોઈપણ ગૃહમાં બે તૃતીયાંશ બહુમતી હાંસલ કરવી સરકાર માટે મુશ્કેલ

# એક દેશ, એક ચૂંટણી બિલ સંસદમાં થશે રજૂ

### કોવિંદ સમિતિના અહેવાલને મંજૂરી : વિગતવાર ચર્ચા માટે સંયુક્ત સંસદીય સમિતિ (JPC)ને મોકલવા માંગ

નવીદિલ્હી, તા. ૯

કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર વર્તમાન સંસદ સત્રમાં જ 'એક દેશ, એક ચૂંટણી' બિલ રજૂ કરી શકે છે. સરકારી સૂત્રોને ટાંકીને કહેવામાં આવ્યું છે કે સરકાર આ બિલને શિયાળુ સત્રમાં રજૂ કરવાની તૈયારી કરી રહી છે. તમને જણાવી દઈએ કે કેન્દ્રીય કેબિનેટે એક દેશ, એક ચૂંટણી પર પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ સમિતિના અહેવાલને મંજૂરી આપી દીધી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સરકાર આ બિલ પર સર્વસંમતિ બનાવવા માંગે છે અને તેને વિગતવાર ચર્ચા માટે સંયુક્ત સંસદીય સમિતિ (JPC)ને મોકલવા માંગે છે. સરકાર સાથે સંકળાયેલા સૂત્રો કહી રહ્યા છે કે સરકાર રામનાથ કોવિંદની આગેવાની હેઠળની નિષ્ણાત સમિતિના ૧૮,૬૩૬ પાનાના અહેવાલ પર વિગતવાર ચર્ચા કરવા માંગે છે. અહેવાલ છે કે સરકારે કેન્દ્રીય મંત્રી રાજનાથ સિંહ, કિરણ રિજિજુ અને અર્જુનરામ મેઘવાલને વિપક્ષી નેતાઓ સાથે બેઠક કરવા અને સર્વસંમતિ બનાવવા માટે કહ્યું છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે જેપીસી બિલ પર તમામ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે વિગતવાર ચર્ચા કરશે અને પ્રક્રિયામાં અન્ય હિતધારકો સાથે પણ વાતચીત કરશે. સૂત્રોએ જણાવ્યું કે આ પ્રક્રિયામાં દેશભરના બુદ્ધિજીવીઓની સાથે તમામ રાજ્ય વિધાનસભાના અધ્યક્ષોને પણ બોલાવવામાં આવી શકે છે. આ સિવાય સામાન્ય લોકોનો અભિપ્રાય પણ લઈ શકાય છે કારણ કે સર્વસંમતિ વિના વર્તમાન ચૂંટણી પ્રણાલીમાં ફેરફાર કરવો ખૂબ જ પડકારજનક બની શકે છે.



નિષ્ણાતોનું કહેવું છે કે 'વન નેશન વન ઈલેક્શન' યોજનાને લાગુ કરવા માટે બંધારણમાં સુધારો કરવા માટે ઓછામાં ઓછા છ બિલ લાવવા પડશે અને આ માટે સરકારને સંસદમાં બે તૃતીયાંશ બહુમતીની જરૂર પડશે. હાલમાં સંસદના બંને ગૃહોમાં એનડીએ પાસે માત્ર સાદી બહુમતી છે. આવી સ્થિતિમાં સંસદના કોઈપણ ગૃહમાં બે તૃતીયાંશ બહુમતી હાંસલ કરવી સરકાર માટે મુશ્કેલ કામ બની શકે છે.

રાજ્યસભાની ૨૪૫ બેઠકોમાંથી ગઉઅ પાસે ૧૧૨ બેઠકો છે અને વિપક્ષી દળો પાસે ૮૫ બેઠકો છે. સરકારને બે તૃતીયાંશ બહુમતી માટે ઓછામાં ઓછા ૧૬૪ મતોની જરૂર છે.એક દેશ, એક ચૂંટણીને વાસ્તવિકતા બનાવવા માટે, સરકારે બંધારણમાં પણ સુધારો કરવો પડશે, જેના માટે બંને ગૃહોની બે તૃતીયાંશ બહુમતીથી છ બિલ પસાર કરવા જરૂરી છે. ભાજપના નેતૃત્વમાં એનડીએ પાસે લોકસભા અને રાજ્યસભામાં બહુમતી છે, પરંતુ બંધારણીય સુધારો સરળ નહીં હોય. વિપક્ષ વન નેશન વન ઈલેક્શનને વ્યવહારુ નથી માનતો અને તેને અલોકતાંત્રિક અને ગેરબંધારણીય પણ ગણાવી રહ્યો છે. વિપક્ષની દલીલ છે કે સમગ્ર દેશમાં એકસાથે ચૂંટણી યોજવાથી નોંધપાત્ર લોજિસ્ટિકલ અને ઓપરેશનલ પડકારો ઊભા થશે અને તે શાસનને અવરોધે છે અને સંઘીય સિદ્ધાંતોને નબળા પાડી શકે છે.

#### બિલ પાસ કરાવવા માટે કેન્દ્રએ સખત મહેનત કરવી પડશે

એક દેશ એક ચૂંટણી પ્રસ્તાવનો હેતુ દેશમાં એકસાથે ચૂંટણી યોજવાનો છે, જેનાથી સંસાધનો, સમય અને ખર્ચની બચત થશે. હાલમાં રાજ્યોમાં લોકસભાની ચૂંટણી અલગથી યોજાય છે. આ એક મોટી પહેલ છે, જેના માટે કેન્દ્ર સરકારે તેની તૈયારીઓ તેજ કરી દીધી છે. જો કે, કેન્દ્રની આ પહેલને વિપક્ષના વિરોધનો સામનો કરવો પડી રહ્યો છે, જેનાથી સ્પષ્ટ થાય છે કે આ બિલ પર સર્વસંમતિ બનાવવા માટે કેન્દ્ર સરકારને ઘણા પડકારોનો સામનો કરવો પડી શકે છે. મીડિયા રિપોર્ટ્સમાં કહેવામાં આવી રહ્યું છે કે રાજકીય પક્ષો વચ્ચે સર્વસંમતિ બનાવવા માટે કેન્દ્ર સરકાર આ બિલને સંસદમાં રજૂ કર્યા બાદ સંયુક્ત સંસદીય સમિતિને મોકલી શકે છે.

# RBIના નવા ગવર્નર સંજય મલ્હોત્રા

### પાવર, ફાઈનાન્સ, ટેક્સેશન, ઇન્ફોર્મેશન ટેક્નોલોજી અને માઈનિંગ જેવા ઘણા ક્ષેત્રોમાં કર્યું છે કામ : દાસનો કાર્યકાળ આજે પૂરો

નવીદિલ્હી, તા..૯

સંજય મલ્હોત્રાની ભારતીય રિઝર્વ બેંક (RBI)ના નવા ગવર્નર તરીકે નિમણૂક કરવામાં આવી છે. તેઓ શક્તિકાંત દાસનું સ્થાન લેશે. દાસનો કાર્યકાળ ૧૦ ડિસેમ્બરે પૂરો થાય છે. મલ્હોત્રા રાજસ્થાન કેડરના ૧૯૯૦ બેચના ભારતીય વહીવટી સેવા (IAS) અધિકારી છે. મલ્હોત્રા આરબીઆઈના ૨૬મા ગવર્નર હશે. મલ્હોત્રાનો કાર્યકાળ બુધવારથી ત્રણ વર્ષનો રહેશે. આ નિમણૂક કેબિનેટની નિમણૂક સમિતિ દ્વારા કરવામાં આવી છે, સંજય મલ્હોત્રા ૧૯૯૦ બેચના રાજસ્થાન કેડરના IAS અધિકારી છે. તેણે IIT કાનપુરમાંથી કોમ્પ્યુટર સાયન્સ એન્જિનિયરિંગની ડિગ્રી મેળવી છે. આ પછી તેણે અમેરિકાની પ્રિન્સટન યુનિવર્સિટીમાંથી પબ્લિક પોલિસીમાં માસ્ટર્સ કર્યું. તેમની પાસે



૩૩ વર્ષનો બહોળો અનુભવ છે. તેમણે પાવર, ફાઈનાન્સ, ટેક્સેશન, ઈન્ફોર્મેશન ટેક્નોલોજી અને માઈનિંગ જેવા ઘણા ક્ષેત્રોમાં કામ કર્યું છે.

હાલમાં તેઓ નાણા મંત્રાલયમાં મહેસૂલ સચિવ તરીકે સેવા આપી રહ્યા છે. અગાઉ તેઓ આ જ મંત્રાલયના નાણાકીય સેવાઓ વિભાગમાં સચિવ હતા. તેમને રાજ્ય અને કેન્દ્ર સરકાર બંનેમાં નાણા અને કરવેરાનો અનુભવ છે. શક્તિકાંત દાસ ૧૨ ડિસેમ્બર ૨૦૧૮ના રોજ RBIના ૨૫મા ગવર્નર બન્યા. ઉર્જિત પટેલના અચાનક રાજીનામા બાદ તેમણે ચાર્જ સંભાળ્યો હતો. તેમનો પ્રારંભિક કાર્યકાળ ત્રણ વર્ષનો હતો. બાદમાં તેમને સેવામાં એક્સ્ટેન્શન આપવામાં આવ્યું હતું, જે મંગળવારે સમાપ્ત થઈ રહ્યું છે. જ્યારે મિન્ટ સ્ટ્રીટ ખાતે દાસે કાર્યભાર સંભાળ્યો ત્યારે બજાર અસ્થિર હતું. પટેલના અચાનક રાજીનામાથી બજારમાં ખળભળાટ મચી ગયો હતો. આરબીઆઈ અને સરકાર વચ્ચે સરપ્લસ ટ્રાન્સફરના મુદ્દે મતભેદો હતા. દાસે બજારને સ્થિર કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. હવે જોવાનું એ રહે છે કે આરબીઆઈ ગવર્નર તરીકે નવા મલ્હોત્રા શું કરે છે. તેની સામે અનેક પડકારો હશે. દેશની અર્થવ્યવસ્થાને મજબૂત બનાવવામાં તેમની ભૂમિકા મહત્વની રહેશે. આશા છે કે તેમના શિક્ષણ અને અનુભવનો દેશને ફાયદો થશે.




### ગત અઠવાડિયામાં રાજ્યની કુલ ૫ એમ્પેન્લ્ડ હોસ્પિટલ અને ૨ ડોક્ટરને યોજના અંતર્ગત કરાયા હતા સસ્પેન્ડ

# PMJAY-મા યોજના અંતર્ગત રાજ્યની ૫ હોસ્પિટલ સસ્પેન્ડ

### પાટણ-૨, દાહોદ-૧, અમદાવાદ અને અરવલ્લીની એક હોસ્પિટલ સસ્પેન્ડ : લેબ રિપોર્ટમાં છેડછાડ, SOPનું ઉલ્લંઘન, બી.યુ. અને ફાયર સેફ્ટી સર્ટિફિકેટના અભાવ સહિતના કારણોસર હોસ્પિટલ્સ કરાઈ દંડિત

રાજકોટ, તા.૯

પ્રધાનમંત્રી જન આરોગ્ય- મા યોજના અંતર્ગત ગેરરીતિ આચરતી રાજ્યની કોઇપણ હોસ્પિટલ કે ડોક્ટરની કામગીરીને સાંખી નહી લેવાનો રાજ્ય સરકારનો સંકલ્પ છે.તાજેતરમાં આ યોજના અંતર્ગત ગેરરીતિ આચરતી ઘટનાઓ સામે આવી છે જેના પગલે રાજ્યના આરોગ્ય વિભાગે આ હોસ્પિટલ્સ અને ડોક્ટર્સ સામે કડકમાં કડક કાર્યવાહી આરંભી છે. પ્રધાનમંત્રી જન આરોગ્ય મા યોજના અંતર્ગતની સ્ટેટ એન્ટી ફ્રોડ યુનિટએ તજજ્ઞ તબીબોની ટીમ સાથે રાખીને રાજ્યમાં આ યોજના અંતર્ગત ગેરરીતિ આચરતી શંકાસ્પદ હોસ્પિટલ્સની મુલાકાત કરી હતી.

પાટણ જિલ્લાની હિર ચિલ્ડ્રન હોસ્પિટલ , નિષ્કા ચિલ્ડ્રન હોસ્પિટલ અને નિયોનેટલ કેર, દાહોદ જિલ્લાની સોનલ હોસ્પિટલ, અમદાવાદ જિલ્લાની સેન્ટારા ઓર્થોપેડિક હોસ્પિટલ અને અરવલ્લી જિલ્લાની જલારામ ચિલ્ડ્રન હોસ્પિટલમાં વિવિધ ત્રુટીઓ અને ગેરરીતિ જણાઇ આવતા PMJAY-મા યોજનામાંથી સસ્પેન્ડ કરવામાં આવી છે. પાટણની હિર હોસ્પિટલમાં મુલાકાત દરમિયાન પ્રી-ઓથ દરમિયાન કુલ ૯૧ જેટલા લેબ રિપોર્ટમાં છેડછાડ અને નિઓનેટલ કેરમાં હાયર પેકેજ સિલેક્ટ કર્યા હોવાનું માલુમ પડ્યું . જેથી હિર હોસ્પિટલ અને તેમાં ફરજરત ડો. હિરેન પટેલને યોજના અંતર્ગત સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. હેલ્થ સ્પ્રિંગ ૨૪ પેથોલોજી લેબોરેટરી પાટણને પણ આ યોજના અંતર્ગત સસ્પેન્ડ કરાયા છે. વધુમાં હોસ્પિટલમાં રૂ. ૫૦,૨૭,૭૦૦ની રીકવરી અને પેનલ્ટી પણ કરાઇ છે.

પાટણની નિષ્કા ચિલ્ડ્રન હોસ્પિટલ અને નીયોનેટલ કેર સેન્ટરમાં પ્રિ-ઓથ દરમિયાન કુલ ૬૦ જેટલા રિપોર્ટમાં છેડછાડ અને હોસ્પિટલ દ્વારા જે લેબોરેટરીનું ટાઇઅપ કરેલ છે તેમની પાસે દર્દીના લેબ રીપોર્ટ માંગવામાં આવતા રીપોર્ટ ઉપલબ્ધ ન હોવાનું જણાઇ આવ્યું. જેથી હોસ્પિટલ તેમજ હોસ્પિટલમાં ફરજરત ડો. દિવ્યેશ શાહને યોજના અંતર્ગત સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. વધુમાં શિવ ડાયગ્નોસ્ટિક લેબોરેટરી, પાટણને પણ આ યોજના અંતર્ગત સસ્પેન્ડ કરાઇ છે. હોસ્પિટલને કુલ રૂ. ૧૫,૧૬,૩૫૦ની રીકવરી અને પેનલ્ટી પણ કરવામાં આવી છે.

દાહોદની સોનલ હોસ્પિટલમાં યોજનાની માર્ગદર્શિકા મુજબ મેન પાવર અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર ન હોવાનું અને ઇન્ફેક્શન કંટ્રોલને લગતી કામગીરીમાં પણ ઉણપ હોવાનું જણાતા આ હોસ્પિટલને પણ સસ્પેન્ડ કરાઇ છે. અમદાવાદની સેન્ટારા ઓર્થોપેડિક હોસ્પિટલમાં ચોથા અને પાંચમાં માળનું બી.યુ. પરમિશન ન હોવાનું, માર્ગદર્શિકા મુજબ સ્ટાફ અને મોડ્યુલર ઓટીનો અભાવ તેમજ કેટલીક એક્સ્પાયરી વાળી દવાનો જથ્થો જણાઇ આવતા હોસ્પિટલને બી.યુ. પરમીશન ન મળે તેમજ ઉક્ત ક્ષતિઓની પૂર્તતા ન થાય ત્યાં સુધી સસ્પેન્ડ કરાઇ છે.

**રૂ.૫૦ લાખ સુધીની પેનલ્ટી અને ક્ષતિઓની પૂર્તતા ન થાય ત્યાં સુધી સસ્પેન્ડ**

અરવલ્લીની જલારામ ચિલ્ડ્રન હોસ્પિટલમાં ફાયર સેફ્ટી સર્ટીફિકેટ એક્સપાયર્ડ, તેમજ એન.આઇ.સી.યુ. માં માર્ગદર્શિકા મુજબ વ્યવસ્થા જણાઇ ન આવતા આ હોસ્પિટલને પણ ફાયર સેફ્ટી સર્ટિફિકેટ ન મળે તેમજ જણાઇ આવેલ ક્ષતિઓની પૂર્તતા ન થાય ત્યાં સુધી સસ્પેન્ડ કરવામાં આવી છે. વધુમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય મા યોજના અંતર્ગતની જ્અત્રૠ ટીમ દ્વારા રાજ્યની અન્ય હોસ્પિટલની પણ મુલાકાત કરવામાં આવી છે. આ મુલાકાત દરમિયાનની હોસ્પિટ્લસની રેકોર્ડ ચકાસણી થઇ રહી છે . આ રેકોર્ડમાં યોજનાની માર્ગદર્શિકાનું ક્યાંય પણ ઉલ્લંઘન થતું હશે તો આ હોસ્પિટ્લ્સ સામે પણ કાર્યવાહી કરવામાં આવશે.

તાજેતરમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય મા યોજના અંતર્ગત ગેરરીતિની ઘટનાઓ સામે આવી છે જેના પગલે રાજ્ય સરકારે યોજના અંતર્ગતની કાર્ડિયો, રેડિયો, કિમો, નીઓનેટલ કેર સહિતની સારવાર માટેની નવી માર્ગદર્શિકા(SOP) બનાવી છે જે ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. જાન્યુઆરી ૨૦૨૪ થી અત્યારસુધીમાં PMJAY-મા યોજના અંતર્ગત ગેરરિતી બદલ કુલ ૧૨ હોસ્પિટલને સસ્પેન્ડ, ડિએમ્પેન્લ્ડ કરવામાં આવી છે.

# જુનાગઢ-વેરાવળ હાઈવે પર ૭ નિર્દોષ હોમાયા

### મૃતકોમાં ૫ વિદ્યાર્થીનો સમાવેશ : અકસ્માત સમયે એક કારનો ગેસનો સીલીન્ડર ફાટતા રોડ બાજુના ઝુપડા આગમાં ખાક : માળિયા હાટીના પંથકમાં સાર્વત્રિક અરેરાટી સાથે શોક





રાજકોટ મિરર, તા.૯

આજે વહેલી સવારે જુનાગઢ જીલ્લાના માળીયાહાટીના પંથકના ભંડુરી પાસે સામસામી અથડાયેલી બે કાર વચ્ચેના ગમખ્વાર અકસ્માતમાં ૭ ની જીંદગી છીનવાઈ ગઈ હતી. મૃતકોમાં પરીક્ષા આપવા જઈ રહેલા ૫ વિધાર્થીઓ હતા. બનાવ સમયે મરણચીસોથી રોડ ગુંજી ઉઠ્યો હતો. વિધિના વક્તાએ ત્યારે વધુ કરુણા ફેલાવી હતી કે બંને કારની ટક્કર સમયે એક કારનો ગેસનો સીલીન્ડર ફાટતા નજીક ઝુપડામાં આગ ભભૂકી ઉઠતા તંત્રને આગ ઠારવા પણ દોડવું પડ્યું હતું. બનાવના સીસી કેમેરાના ફૂટેજ સોસીયલ મીડિયામાં વહેતા થતા બનાવને જોનારા લોકોના હૃદય કંપી ઉઠ્યા હતા.

હાઈવે પર વહેલી સવારે બે કારની ટક્કર થતાં આજુબાજુના લોકો એકઠા થયા હતા અને બચાવ કામગીરી સાથે પોલીસ અને ૧૦૮ને જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલા સાથે ૧૦૮ અને ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. ઘટનાસ્થળે પહોંચેલી ફાયરની ટીમે ઝૂંપડામાં લાગેલી આગ પર કાબૂ મેળવ્યો હતો. જ્યારે પોલીસે મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડીને અકસ્માત કંઇ રીતે થયો એની આગળની તપાસ હાથ ધરી છે.

આ ગમખ્વાર અકસ્માતના સામે આવેલા સીસીટીવીમાં દેખાતું હતું કે એક કાર બ્રિજ તરફથી જઇ રહી છે, જ્યારે સામેથી આવતી બીજી કાર કોઇ કારણોસર ડિવાયડર કૂદીને બ્રિજ તરફથી જતી કારને સામેથી ટક્કર મારે છે. ટક્કર એટલી ભયંકર છે કે બંને કારનો કચ્ચરઘાણ વળી ગયો છે.

આ અંગે ડીવાયએસપી દિનેશ કોડિયાતારએ પત્રકારોને વિગતો આપી હતી કે, આજે વહેલી સવારે આઠ વાગ્યાની આસપાસ માળિયાના ભંડુરી ગામ પાસે એક મારુતિ સેલેરિયો અને એક અન્ય કાર વચ્ચે ટક્કર થઇ હતી, જેમાં સાત લોકોનાં મોત થયાં છે. હાલ સાતેય મૃતદેહો માળિયાની સરકારી હોસ્પિટલમાં પીએમ અર્થે ખસેડવામાં આવ્યા છે અને અકસ્માત અંગે વિશેષ વિગતો મેળવાઈ રહી છે.

આ અંગે સ્થળ પર સૌથી પહેલા પહોંચેલા ભંડુરી ગામના લોકોએ કહ્યું હતું કે સવારે આઠ વાગ્યાના આસપાસ આ અકસ્માત થયો હતો. અકસ્માતની જાણ થતા નજીકમાં રહેલા સેવાભાવીઓ દોડ્યા હતા. આ અકસ્માતમાં સાત લોકોનાં મોત થયાં છે, જેમાં પાંચ વિદ્યાર્થી છે, જે કેશોદની આજુબાજુના ગામના છે અને ગડુ મુકામે પરીક્ષા આપવા જતા હતા. જ્યારે બે મૃતક જાનુડા ગામના છે. સાતેયને પીએમ અર્થે ખસેડવામાં આવ્યા છે.

#### અકસ્માતમાં મોતને ભેટેલા હતભાગીઓ

- રાજુભાઈ કાનજીભાઈ ખુટણ (ઉંમર વર્ષ ૪૦, ડાભોર-વેરાવળ)
- વિનુભાઈ દેવશીભાઈ વાળા (ઉંમર વર્ષ ૩૫, જાનુડા ગામ)
- વિક્રમભાઈ કુવાડીયા (ઉંમર વર્ષ ૨૫, માણેકવાડા ગામ)
- વજુભાઈ કરસનભાઈ રાઠોડ ઉંમર ૬૦ જૂનાગઢ)
- ધરમ વિજયભાઈ ધરાદેવ (જૂનાગઢ)
- અક્ષત સમીરભાઈ દવે (રાજકોટ)
- ઓમ રજનીકાંતભાઈ મુગરા (રાજકોટ)



# પોલિયો દિવસ અંતર્ગત ૨૮૦ બુથો પર અપાઈ રસી

## જન્મથી પાંચ વર્ષ સુધીના કુલ-૬૪,૩૬૩ બાળકોને પોલિયો વિરોધી રસી આવી આપવામાં

રાજકોટ, તા. ૯

ભારત સરકારના બાળ લકવા નાબુદી અભિયાન અંતર્ગત પોલિયો વિરોધી રસી આપવા માટે શહેરની ૪ વિધાનસભા વાઇઝ આવતા વોર્ડના કુલ-૨૩ શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે રસીકરણ કરવા માટે આયોજન કરવામાં આવેલ હતું. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પોલિયો દિવસ અન્વયે શહેરના ૨૩ શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મારફત રસીકરણ કરવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. શહેરના કુલ ૨૩ શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મારફત સંચાલિત કુલ-૨૮૦ બુથ પર જન્મથી શરૂ કરીને પાંચ વર્ષ સુધીના કુલ-૬૪,૩૬૩ બાળકોને પોલિયો વિરોધી રસી આપવામાં આવી. આ રસીકરણ ઝુંબેશમાં કુલ-૧૧૨૦થી વધારે આંગણવાડી વર્કસ, હેલ્પર, આશા બહેનો અને નર્સિંગ સ્ટુડન્ટ જોડાયા હતા.

વિધાનસભા-૬૮(વોર્ડ નં.૩, ૪, ૫, ૬, ૧૫, ૧૬)માં વોર્ડ નં.૬, કબીરવન સોસાયટી ગાર્ડન, કબીરવન પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની બાજુમાં, સંતકબીર રોડ ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમનો શુભારંભ મેયર નયનાબેન પેઢડીયાના વરદ હસ્તે દિપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવેલ.આ કાર્યક્રમમાં રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ તથા અધિકારીઓ હાજર રહ્યા હતા અને રસીકરણ માટે આવેલ બહોળી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહેલ હતા.

વિધાનસભા-૬૯(વોર્ડ નં.૧,૨,૮,૯,૧૦)માં વોર્ડ નં.૯, વોર્ડ ઓફિસ, પેરેડાઈઝ હોલની બાજુમાં, અભયભાઈ ભારદ્વાજ કોમ્યુનિટી હોલ સામેયોજાયો હતો. આ કાર્યક્રમનો શુભારંભ સાંસદ રામભાઈ મોકરિયા તથા વિધાનસભા-૬૯ના ધારાસભ્ય ડો.



દર્શિતા શાહના વરદ હસ્તે દિપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવેલ.આ કાર્યક્રમમાં શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, દંડક મનિષભાઈ રાડીયા, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ચેરમેન વિક્રમભાઈ પૂજારા, ટાઉન પ્લાનિંગ સમિતિ ચેરમેન ચેતનભાઈ સુરેજા, વોટર વર્કસ સમિતિ ચેરમેન અશ્વિનભાઈ પાંભર, કોર્પોરેટર ડો.દર્શના પંડ્યા તથા આરોગ્ય શાખાના કર્મચારીઓ તથા રસીકરણ માટે આવેલ બહોળી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

વિધાનસભા-૭૦(વોર્ડ નં.૧૩,૧૪,૧૭)માં વોર્ડ નં.૧૪, કામદાર કલ્યાણ કેન્દ્ર, કોઠારીયા કોલોની, સોરઠીયાવાડી ગાર્ડન પાસે, ૮૦ ફૂટ રોડ ખાતે યોજાયો હતો.આ કાર્યક્રમનો શુભારંભ વિધાનસભા-૭૦ના ધારાસભ્ય માન.શ્રી રમેશભાઈ ટીલાળાવરદ હસ્તે દિપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવેલ.આ કાર્યક્રમમાં સેનિટેશન કમિટી ચેરમેન નીલેશભાઈ જલુ, કોર્પોરેટર જયશ્રીબેન ચાવડા, વિનુભાઈ ઘવા, કીર્તિબા રાણા,વોર્ડ અગ્રણી વિપુલભાઈ માખેલા,આરોગ્ય શાખાના કર્મચારીઓ તથા રસીકરણ માટે આવેલ બહોળી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહેલ હતા.

વિધાનસભા-૭૧ (વોર્ડ નં.૧૧, ૧૨, ૧૮)માં વોર્ડ નં.૧૨, મનસુખભાઈ છાપીયા ટાઉનશીપ, પુનીતનગર ૮૦ ફૂટ રોડ, તપન હાઈટ્સ એપા.ની બાજુમાં, વાવડી ખાતે યોજાયો હતો. આ કાર્યકમનો શુભારંભ ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી અને ૭૧-વિધાનસભાના ધારાસભ્ય ભાનુબેન બાબરીયાના વરદ હસ્તે દ્વિપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, પૂર્વ મેયર અને વોર્ડ નં.૧૨ના કોર્પોરેટર ડો.પ્રદિપ ડવ, એસ્ટેટ સમિતિ ચેરમેન મગનભાઈ સોરઠીયા, કોર્પોરેટર મિતલબેન લાઠીયા, દક્ષાબેન વાઘેલા, વિનુભાઈ સોરઠીયા, આરોગ્ય શાખાના કર્મચારીઓ તથા રસીકરણ માટે આવેલ બહોળી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહેલ હતા. આ રસીકરણ કાર્યક્રમમાં કુલ-૬૪,૩૬૩ જેટલા બાળકોને રસી આપવામાં આવી.

# વેરા વસુલાત ઝુંબેશને ‘બ્રેક’

## ૫ મિલકતો સીલ. ૧૦ને જપ્તી નોટીસ : રિકવરી ૨૦ લાખની




રાજકોટ, તા. ૯

મહાનગરપાલિકાની વસુલાત શાખા જે ઝડપથી અને જે ગતિથી વેરુ ઉઘરાવતી હતી તેમાં ક્યાંક ને ક્યાંક બ્રેક લાગી છે કારણ કે ગઈકાલે હાથ ધરવામાં આવેલી કામગીરી માં માત્ર પાંચ મિલકતોને જ સીલ કરવામાં આવી . અને માત્ર ૨૦ લાખની રિકવરી થાય છે વેરા વસુલાત શાખાના અધિકારીઓ પણ જણાવી રહ્યા છે કે હવે આગામી દિવસોમાં આ ઝુંબેશ માં થોડીક બ્રેક લાગશે કારણ કે જે મોટા મોટા લોકો કે જેઓએ વેરો ભરવાનો બાકી હતો તેમની પાસેથી રિકવરી કરી લેવામાં આવી છે. હવે જે રિકવરી બાકી છે તે નાના નાના મિલકત ધારકોની છે પરંતુ તે તમામ રિકવરી લક્ષ્યાંક સુધી પહોંચી શકે તેમ નથી જેથી હવે આવનારા દિવસોમાં આ કામગીરીમાં ઘણાખરા અંશે ઘટાડો પણ નોંધાઈ શકે છે.

રાજકોટ મહાનગરપાલિકાનાં કમિશનર સુચના અનુસાર વેરા વસુલાત શાખા દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ ની રીકવરી ઝુંબેશ અંતર્ગત હાલ તીવ્ર વેગથી કામગીરી કરવામાં આવી રહી છે જેમાં ગઈકાલે કુલ પાંચ મિલકતોને સીલ કરવામાં આવી જ્યારે ૧૦ મિલકતોને જપ્તી નોટિસ આપવામાં આવી હતી સાથોસાથ રિકવરી પણ આશરે ૨૦ લાખ રૂપિયા જેટલી થયેલી છે. વેરા વસુલાત શાખા દ્વારા મળતી માહિતી મુજબ વોર્ડ નંબર ત્રણમાં આવેલા બજરંગ બલીમાં નિર્મલા ચેમ્બર્સને નોટિસ સામે રિકવરી કરતા પીડીસી ચેક આપવામાં આવ્યો હતો એવી જ રીતે વોર્ડ નંબર સાતમાં પટેલ સેવા સમાજ નજીક ઉન્નતિ કોમ્પલેક્ષમાં ગ્રાઉન્ડ ફ્લોર પર દુકાન નંબર ત્રણને નોટિસ સામે રિકવરી કરતા પીડીસી ચેક આપવામાં આવ્યો.

સરદારનગર મેઈન રોડ પર રજની શેરી નં-૯ માં ૧-યુનિટની નોટીસ સામે રિકવરી રૂ.૪.૬૫ લાખની થઈ. ગોંડલ રોડ પર બોમ્બે હોટેલ સામે અતુલ કોમ્પેલક્ષમાં સેકન્ડ ફ્લોર ઓફીસ નં-૨૦૬ ને નોટીસ સામે રિકવરી કરતા ડઉઈ ચેક આપવામાં આવ્યા. સાથોસાથ સરદારનગર મેઈન રોડ પર ગોલ્ડન સ્પેસ ૨૧ ઓફીસ નં-૧ ને નોટીસ સામે રિકવરી રૂ.૧.૧૦ લાખની થઈ. વોર્ડ નં-૧૨માં ગોંડલ રોડ પર મુરલીધર વે બ્રીજ નજીક ગણેશ પાર્કમાં પ્લોટ નં-૬માં શોપ નં-૧૧૪ ની સામે સીલની કાર્યવાહી કરતા રૂ.૭૦,૦૦૦ની રિકવરી થઈ. વોર્ડ નંબર ૧૪ ની જો વાત કરવામાં આવે તો બાપુનગર વિસ્તારમાં ૧- યુનિટને સીલ કરવામાં આવ્યું, બાપુનગર વિસ્તારમાં ૧-યુનિટની નોટીસ સામે રૂ.૨.૮૫ લાખની રિકવરી થઈ. બાપુનગરમાં યાદવ ચેમ્બર્સ નજીક ૧-યુનિટની નોટીસ સામે રિકવરી રૂ.૧.૯૮ લાખની થઈ. જીલ્લા ગાર્ડન મેઈન રોડ પર બાપુનગરમાં શેરી નં-૯ માં રાજન ફર્નીચર પાછળ ૧-યુનિટની નોટીસ સામે રિકવરી રૂ.૧.૬૫ લાખની થઈ. એવીજ રીતે કાન્તા વિકાસ ગૃહ સામે ભક્તિનગર સોસા શેરી નં-૧ માં શ્રીમદ ભવન શોપ નં-૧૧ ને નોટીસ સામે રિકવરી રૂ.૯૦,૮૬૦ ની થઈ.

વોર્ડ નં-૧૫માં પરધામ ઓદ્યોગિક વિસ્તારમાં ૧-યુનિટને નોટીસ આપવામાં આવી હતી. વોર્ડ નં-૧૮ કોઠારીયા વિસ્તારમાં વરુણ ઈન્ડ એરિયામાં સ્વાતિ પાર્ક નજીક ૨-યુનિટ સામે સીલની કાર્યવાહી કરતા રિકવરી રૂ.૧.૨૦ લાખની થઈ. માલધારી ફાટક નજીક જય ભારત પોલીમર્સ સામે ક્લાસિક ઈન્ડ એરિયામાં ૧-યુનિટ સામે સીલની કાર્યવાહી કરતા રિકવરી રૂ.૮૪,૭૬૦ની થઈ. ૧લી એપ્રિલ ૨૦૨૪ થી ગઈકાલ સુધી કુલ ૩૧૯ કરોડ રૂપિયાની રિકવરી મહાનગરપાલિકાએ કરેલી છે.

### ભારે વિરોધના પગલે હાલ શ્રમિક બશેરાની કામગીરીને રખાઈ છે મુલતવી

# સોસાયટીમાં શ્રમિક બસેરા ન બનાવો : સ્થાનિકોનો વિરોધ

## વિવિધ વોર્ડના રહેવાસીઓ ખૂબ વિશાળ સંખ્યામાં મનપા કચેરીમાં નોંધાવી રહ્યા છે વિરોધ : સ્ટેન્ડિંગ ચેરમેને કહ્યું શ્રમિક બશેરા એ શ્રમિકોનો પણ હક છે પરંતુ સોસાયટીના રહેવાસીઓને તકલીફ ન પડે તે મુજબ હાથ ધરાશે કામગીરી

રાજકોટ, તા. ૯

રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દરેક લોકોને પોતાના ઘરનું ઘર મળી રહે તે માટે તમામ સંભવત પ્રયત્નો કરી રહ્યું છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વપનને સાકાર કરવા માટે હાલ સરકાર દ્વારા એડી ચોટી નું જોર પણ લગાવવામાં આવી રહ્યું છે વડાપ્રધાન મોદીનું લક્ષ્ય છે કે દરેક લોકો ને પોતાનું ઘરનું ઘર હોવું જોઈએ ત્યારે હવે આ વાતની ગંભીરતાને ધ્યાને લઈ શ્રમિકો માટે પણ ઘરની વ્યવસ્થા ઉભી કરવામાં આવે તે હેતુસર શ્રમિક બશેરાનું નિર્માણ કરવા માટે કેન્દ્ર સરકાર તરફથી લીલી ઝંડી સ્થાનિક પ્રશાસનને મળેલી છે. આ વાતની ગંભીરતાને ધ્યાને લઈ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ વાઈસ શ્રમિક બચેલા ઉભા કરવા માટે હાલ તૈયારીઓ શરૂ કરી છે પરંતુ વોર્ડ નંબર ૧૧ ના લોકો દ્વારા આ અંગે વિરોધ કરવામાં આવ્યો હતો. માત્ર વોર્ડ ૧૧ જ નહીં અન્ય વોર્ડના લોકો પણ રાજકોટ મનપા કચેરી ખાતે દોડી આવતા હોય છે અને આ કામગીરીને અટકાવવા માટેની મદદ પણ માંગે છે જે વાતને ધ્યાને લઈ હાલ મહાનગરપાલિકા દ્વારા શ્રમિક બશેરા યોજનાનું કામ મુલતવી રાખવામાં આવ્યું છે.

વોર્ડ નંબર ૧૧ સહિતનાં વિસ્તારોમાં રહેતા લોકો દ્વારા વિરોધ કરવામાં આવતા કામગીરી અટકાવી દેવામાં આવી છે. ત્યારે આજે શહેરનાં વોર્ડ નંબર ૪ની ૧૦ સોસાયટીનાં ૫૦૦થી વધુ લોકો દ્વારા પણ રજૂઆત કરવામાં આવી હતી. જેને લઈને સ્ટેન્ડિંગ ચેરમેને હાલ કામગીરી સ્થગિત કરાઈ હોવાનું જણાવ્યું હતું.

વોર્ડ નંબર ૪ની દેવલોક રેસિડેન્સીમાં રહેતા મહિલાઓએ જણાવ્યું હતું કે અમારી સોસાયટી સહિત જુદી જુદી ૧૦ જેટલી સોસાયટીનાં ૫૦૦ કરતા વધુ લોકોએ શ્રમિક બસેરાની કામગીરી અટકાવવા રજૂઆત કરી છે. શ્રમિક આવાસની કામગીરી આ સોસાયટીઓ વચ્ચે આવેલા પ્લોટમાં કરવામાં આવી છે. જેને કારણે અમારા વિસ્તારમાં ન્યુસન્સ ફેલાય તેવી દહેશત ઉભી થઇ છે.



અમારા વોર્ડની જુદી જુદી સાત સોસાયટીનાં લોકો મોટી સંખ્યામાં અહીં શ્રમિક રેનબસેરાની કામગીરી અટકાવવા માટેની રજૂઆત કરવા આવ્યા છીએ. સ્ટેન્ડિંગ ચેરમેનને મળતા તેઓએ સંતોષકારક જવાબ આપ્યો છે. હજુપણ આ મુદ્દે મેયર અને મ્યુ. કમિશ્નર સહિત ગાંધીનગર સુધી રજૂઆતો કરવામાં આવશે. શ્રમિક આવાસનો જે પ્લોટ છે તે અમારી સોસાયટીઓની વચ્ચે હોવાથી ન્યૂસન્સ ફેલાય તેવું લાગી રહ્યું છે. જેને કારણે રજૂઆત કરવામાં આવતા હાલ આ કામગીરી અટકાવી દેવામાં આવી હોય તેવુ સ્ટેન્ડિંગ ચેરમેને જણાવ્યું છે.

સ્ટેન્ડિંગ કમિટીનાં ચેરમેન જયમીન ઠાકરે જણાવ્યું હતું કે, રાજકોટ શહેરમાં ત્રણેય ઝોનમાં રાજ્ય સરકારની સૂચનાથી શ્રમિક બસેરાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. જોકે તેમાં સ્થાનિક લેવલે ખૂબ વિરોધ જોવાયો છે અને દરરોજ ૧૦-૧૨ સોસાયટીના લોકો રજૂઆતો કરવા આવી રહ્યાં છે. આજે પણ વોર્ડ નંબર ૪માં રહેતા લોકો મોટી સંખ્યામાં રજૂઆત કરવા આવ્યા હતા. જેને લઈને હાલ પૂરતી કામગીરી સ્થગિત કરવામાં આવી છે. આગામી સમયમાં રાજ્ય સરકારમાં આ અંગે રજૂઆત કરી યોગ્ય નિર્ણય લેવામાં આવશે. વધુમાં સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેને જણાવ્યું હતું કે જરૂરી એ પણ છે કે શ્રમિકોને પણ પોતાના ઘરનું ઘર મળે હા એ વાત સાચી છે કે વિવિધ બોર્ડ વિસ્તારની સોસાયટીમાં હાલ આ અંગે વિરોધ દર્શાવવામાં આવી રહ્યો છે પરંતુ ભવિષ્યમાં આ અંગે યોગ્ય નિર્ણય લેવામાં આવશે કારણ કે આ માટે રાજ્ય સરકાર પાસેથી અભિપ્રાય પણ માંગવામાં આવેલો છે.

# આજે વિશ્વ માનવ અધિકાર દિવસ

# જીવન જીજીવિષા સાથે જીવંતતાપૂર્ણ જીવવા માનવ અધિકારો આવશ્યક

## વર્ષ ૨૦૨૪ની થીમ : 'આપણા અધિકારો, આપણું ભવિષ્ય : ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ માનવ અધિકારના રક્ષણ અર્થે કાર્યરત




રાજકોટ તા. ૯

દર વર્ષે તા. ૧૦ ડિસેમ્બરના રોજ 'વિશ્વ માનવ અધિકાર દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. દરેક માનવી પોતે મુળભુત રીતે જન્મતાની સાથે જે અધિકારો સાથે જન્મે છે અને જીવનપર્યંત જે અધિકારોને કોઈપણ જાતની અડચણવગર મુક્ત રીતે ભોગવી શકે, તેવા તમામ અધિકારોને માનવ અધિકારો ગણી શકાય. જીવન જીજીવિષા સાથે જીવંતતાપૂર્ણ જીવી શકે, તે માટે પ્રત્યેક માનવીના પોતાના અધિકારો આવશ્યક છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા વર્ષ ૨૦૨૪ની થીમ 'આપણા અધિકારો, આપણું ભવિષ્ય - અત્યારે જ' રાખવામાં આવી છે.

### માનવ અધિકારનો ઈતિહાસ

સમગ્ર વિશ્વમાં માનવ અધિકારોના ખ્યાલનો ઉદભવ અને વિકાસ ૧૩મી સદીમાં ઈંગ્લેન્ડમાં બનાવાયેલા લેખિત દસ્તાવેજ 'મેગ્નાકાર્ટા'ને ગણી શકાય. આ દસ્તાવેજથી માનવ અધિકારો ઈંગ્લેન્ડની પ્રજાને આપવામાં આવ્યા હતા. ઈ.સ. ૧૯૧૪થી ઈ.સ. ૧૯૧૯, પ્રથમ વિશ્વયુદ્ધ સમયે માનવ અધિકારો માટે વૈશ્વિક કાયદો બનાવવા વિશે ચર્ચાઓ શરૂ થઈ હતી પરંતુ તે ખ્યાલ વિશે સર્વસંમતિથી કાયદો બનાવી શકાયો ન હતો. ત્યારબાદ ઈ.સ. ૧૯૪૫માં વૈશ્વિકસ્તરે માનવીને માનવ તરીકે મળતા અધિકારો અંગે સૌપ્રથમ વખત 'માનવ અધિકાર' શબ્દોનો પ્રયોગ કરવામાં આવ્યો હતો.

માનવ અધિકાર શબ્દનો અર્થ સમજતા પહેલા અધિકાર શબ્દને સમજવો જરૂરી છે. અધિકાર એટલે માનવીનું હિત, કે જે કાયદા દ્વારા સુરક્ષિત રાખવામાં આવેલું હોય. સમગ્ર વિશ્વમાં માનવ અધિકારોના રક્ષણ અર્થે સંયુક્ત રાષ્ટ્ર સંઘે સૌ પ્રથમ વખત યુનિવર્સલ ડિકલેરેશન ઓફ હ્યુમન રાઈટસ નામનો દસ્તાવેજ બનાવ્યો હતો. આ ઘોષણાપત્રમાં જણાવ્યું હતું કે તમામ માનવીઓ તેમના અધિકારો અને ગૌરવ બાબતમાં જન્મથી સમાન છે અને તમામને કોઈપણ જાત, રંગ (કાળા–ગોરા), વર્ણ, જાતિ (સ્ત્રી–પુરૂષ), ભાષા, ધર્મ, રાજકીય કે અન્ય વિચારો, રાષ્ટ્રીય કે સામાજીક મૂળ (વતન), મિલકત, જન્મ કે અન્ય કોઈ હોદ્દાના તફાવત વિના તમામ અધિકારો અને સ્વતંત્રતાઓ પ્રાપ્ત થાય છે. માનવ અધિકાર દિવસ એ માનવ અધિકારોના સમર્થનમાં વિરોધ અને અન્ય પ્રદર્શનો માટેના પ્રસંગ તરીકે પણ સેવા આપે છે, ખાસ કરીને એવા દેશોમાં કે જેઓ વારંવાર અધિકારોના ઉલ્લંઘનના આરોપોથી ઘેરાયેલા હોય છે. નોંધનીય છે કે, ૧૯૭૯માં તાઈવાનના કાઓ–હસિંગમાં માનવ અધિકાર દિવસના પ્રદર્શન દરમિયાન હિંસા અને વિરોધકર્તાઓની ધરપકડ અને કેદ એ તાઈવાનમાં લોકશાહીકરણ પ્રક્રિયામાં ફાળો આપ્યો હતો. એ જ રીતે, માં વિશાળ પ્રદર્શનોની શ્રેણી૧૯૮૯ માં માનવ અધિકાર દિવસ પર શરૂ થયેલા મંગોલિયાએ તે દેશની સામ્યવાદી સરકારના પતન પછીના વર્ષે મદદ કરી.

### માનવ અધિકાર એટલે શું?

માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ મુજબ માનવ અધિકાર એટલે સંવિધાનથી બાંહેધરી આપેલા અથવા આંતરરાષ્ટ્રીય કરારનામામાં સમાવેલા અને ભારતમાં ન્યાયાલયો અમલમાં મૂકી શકે તેવા, વ્યક્તિઓના જીવન, સ્વતંત્રતા, સમાનતા અને ગૌરવને લગતા અધિકારો.

### માનવ અધિકારના ભંગની ફરિયાદ

ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ માનવ અધિકાર ભંગના રક્ષણ અર્થે કાર્યરત છે. ભારતીય બંધારણ મુજબ માનવ અધિકારોના ભંગ બદલ રાજ્યસેવક વિરુદ્ધ જ ફરિયાદ કરી શકાય છે, તેની ફરિયાદ વ્યક્તિ–વ્યક્તિ વિરુદ્ધ દાખલ કરી શકાતી નથી. માનવ અધિકારોના ભંગના કિસ્સામાં કોર્ટમાં ફરિયાદ કરી શકાય છે. ઉપરાંત, રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ અને રાજ્ય માનવ અધિકાર આયોગ સમક્ષ લેખિત ફરીયાદ કરીને પણ કાર્યવાહી કરી શકાય છે. મહિલાઓ રાષ્ટ્રીય મહિલા આયોગ અને રાજ્ય મહિલા આયોગને માનવ અધિકાર ભંગની ફરિયાદ કરી શકે છે. તેમજ અનુસુચિત જાતિ અને અનુસુચિત આદિજાતિના લોકો રાષ્ટ્રીય અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ આયોગ સમક્ષ ફરિયાદ કરી શકે છે. ઉલ્લેખનીય છે કે ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગની વેબસાઈટ www.gshrc.gujarat.gov.in ની ફરિયાદ નિવારણ માટે મુલાકાત લઈ શકાશે.



રાજકોટ મિરર તંત્રીની કલમે

# હીરો ઝંખવાયો

## હીરા ઉદ્યોગની મંદી ગુજરાતમાં અનેક પ્રશ્નો સર્જી શકે છેઃ વિકલ્પ જરૂરી



દેશ દુનિયામાં ગુજરાત અનેક બાબતોથી વખણાઈ રહ્યું છે. અનેક વિશેષતાઓમાં ગુજરાતનો હીરા ઉદ્યોગ પણ વિશ્વના ગગનમાં ઝગમગી રહ્યો છે. રાજ્યના ડાયમંડ જગતે અનેક ગૌરવો સ્થાપિત કર્યા છે. લાખો લોકો આ ઉદ્યોગમાંથી રોજગારી પ્રાપ્ત કરે છે

જોકે વર્તમાન સમયમાં હીરા ઉદ્યોગ ઝંખવાઇ ગયો છે. દિવાળી પૂર્વેથી હીરા ઉદ્યોગ મંદીના ભરડામાં આવી ગયો છે. આ ક્ષેત્રના અભ્યાસુઓ કહે છે કે, છેલ્લા ૫૦ વર્ષની આ સૌથી મોટી મંદી છે. અસંખ્ય પરિવારોનો ગુજરાન ચલાવતો કોઈ પણ વ્યવસાય મંદ પડે તો, અર્થતંત્રથી માંડીને સમાજતંત્ર પર તેની ગંભીર અસર થઈ શકે છે.


ગુજરાતમાં સુરત હીરા ઉદ્યોગનું મહામથક છે. આ ઉપરાંત સૌરાષ્ટ્રના અમરેલી-ભાવનગર જેવા અનેક સેન્ટર્સમાં હીરા ઉદ્યોગ ધમધમે છે. માત્ર અમરેલી પંથકમાં જ ૫૦૦ જેટલા કારખાનાને મંદીના કારણે તાળા લાગ્યા છે. સૌરાષ્ટ્રભરમાં આવી સ્થિતિ છે. જે કારખાના ધમધમે છે એ પણ અડધો દિવસ કામ કરે છે. સુરતમાં મહાકાય કારખાનાઓ છે, જે પણ મંદીના ભરડામાં છે. સુરતમાં મોટાભાગના રત્ન કલાકારો સૌરાષ્ટ્રના છે.

હીરા ઉદ્યોગની મંદીના કારણે હજારો લોકોની રોજગારી બંધ થઈ છે. તેમની સામે પરિવારના ગુજરાનનો મોટો પ્રશ્ન સર્જાયો છે. રત્ન કલાકારની આવક આકર્ષક હોય છે. તેથી તેમનું જીવન ધોરણ પણ સરેરાશથી થોડું ઉપર હોય છે. આવક બંધ થતા જીવન ધોરણ ટકાવવું તો દૂરની બાબત છે, પરિવારના પાલનપોષણનો પ્રશ્ન સર્જાયો છે.

હીરા ઉદ્યોગની મંદીની તીવ્ર અસર સૌરાષ્ટ્રના અર્થતંત્ર પર થઈ રહી છે. આવકનો પ્રવાહ ઘટ્યો છે. માત્ર આર્થિક અસર નહીં, લાંબો સમય મંદી ચાલે તો સામાજિક અસર પણ તીવ્ર બની શકે છે. માણસ પોતાના પરિવારને ક્યાં સુધી ભૂખ્યો જોઈ શકે? કોઈપણ ક્ષેત્રે મંદી લાંબો સમય ચાલે તો એક ક્ષેત્ર સાથે જોડાયેલા ગુન્હાખોરી માર્ગે વળે તેવી સંભાવના વધી જતી હોય છે.

આ દ્રષ્ટિકોણથી પણ ગુજરાતના હીરા ઉદ્યોગને ગંભીરતાથી લેવો જોઈએ જોકે ડીબીયર્સ દ્વારા હીરા ઉદ્યોગને ફરીથી ધમધમતો કરવા પગલાં લેવાઈ જ રહ્યા છે. રફ હીરાની કિંમતમાં ૧૫ ટકા જેટલો ઘટાડો કરાયો છે. આવા પગલાથી ફરી હીરા ઉદ્યોગ ધમધમે તેવી આશા બંધાઈ છે.

વ્યવસાય ઉદ્યોગમાં તેજી-મંદિ આવતા જ રહે છે. આ માટે ઉદ્યોગ જગતે તૈયાર જ રહેવું પડે. મંદીના સમયમાં બેકારી સર્જાતી હોય છે. બેકારીની સામાજિક આડઅસર ખાળવા માટે વૈકલ્પિક વ્યવસ્થા હોવી જોઈએ. ટૂંકા ગાળાની રોજગારીના અસંખ્ય વિકલ્પો હોવા જોઈએ. ગુજરાતીમાં કહેવત છે, નવરા બેઠા નખ્ખોદ વાળે... આ કહેવત તથ્યવાળી છે અર્થતંત્રમાં નવરાશનો અવકાશ ઘટવો જોઈએ.



પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા



# છેલ્લા એક દાયકામાં ભારતમાં વિદેશી રોકાણ ૧૧૯ ટકા વધ્યું

## કોમ્પ્યુટર સોફ્ટવેર અને હાર્ડવેર, ટેલિકોમ્યુનિકેશન્સ, ટ્રેડિંગ, કન્સ્ટ્રક્શન ડેવલપમેન્ટ, ઓટોમોબાઈલ, કેમિકલ્સ અને ફાર્માસ્યુટિકલ્સ ક્ષેત્રે રોકાણ વધ્યુ

નવીદિલ્હી તા. ૯

ભારતમાં સીધા વિદેશી રોકાણના પ્રવાહે એપ્રિલ ૨૦૦૦-સપ્ટેમ્બર ૨૦૨૪ના સમયગાળામાં યુ.એસ ડોલર ૧ ટ્રિલિયનના સીમાચિહ્નને વટાવી દીધું છે, જેણે વૈશ્વિક સ્તરે સુરક્ષિત અને અગ્રણી રોકાણ સ્થળ તરીકે દેશની પ્રતિષ્ઠાને મજબૂત રીતે સ્થાપિત કરી છે. ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (DPIIT)ના ડેટા અનુસાર, આ સમયગાળા દરમિયાન ઈક્વિટી, પુનઃ રોકાણ કરેલી કમાણી અને અન્ય મૂડી સહિત એફડીઆઈની સંચિત રકમ યુ.એસ ડોલર ૧,૦૩૩.૪૦ બિલિયન હતી. લગભગ ૨૫ ટકા એફડીઆઈ મોરેશિયસના રૂટથી આવ્યું છે. આ પછી સિંગાપોર (૨૪ ટકા), અમેરિકા (૧૦ ટકા), નેધરલેન્ડ (૭ ટકા), જાપાન (૬ ટકા), યુકે (૫ ટકા), યુએઈ (૩ ટકા) અને કેમેન આઈલેન્ડ, જર્મની અને સાયપ્રસમાં ૨-૨ ટકા છે. દાવ હતો. માહિતી અનુસાર, સમીક્ષા હેઠળના સમયગાળા દરમિયાન ભારતને મોરેશિયસથી યુ.એસ ડોલર ૧૭૭.૧૮ બિલિયન, યુ.એસ ડોલર ૬૭.૮ સિંગાપોરમાંથી યુ.એસ ડોલર ૧૬૭.૪૭ બિલિયન અને યુ.એસ ડોલર ૬૭.૮ બિલિયન પ્રાપ્ત થયા છે. આમાંથી, મહત્તમ પ્રવાહને આકર્ષતા મુખ્ય ક્ષેત્રોમાં સર્વિસ સેગમેન્ટ, કોમ્પ્યુટર સોફ્ટવેર અને હાર્ડવેર, ટેલિકોમ્યુનિકેશન્સ, ટ્રેડિંગ, કન્સ્ટ્રક્શન ડેવલપમેન્ટ, ઓટોમોબાઈલ, કેમિકલ્સ અને ફાર્માસ્યુટિકલ્સનો સમાવેશ થાય છે.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ૨૦૧૪ થી, ભારતે ૬૬૭.૪ બિલિયન યુએસ ડોલર (૨૦૧૪-૨૪) ના સંચિત એફડીઆઈ પ્રવાહને આકર્ષ્યા છે, જે અગાઉના દાયકા (૨૦૦૪-૧૪) કરતાં ૧૧૯ ટકાની વૃદ્ધિ નોંધાવી છે. આ રોકાણ પ્રવાહ ૩૧ રાજ્યો અને ૫૭ પ્રદેશોમાં ફેલાયેલો છે, જે વિવિધ ઉદ્યોગોમાં વૃદ્ધિને વેગ આપે છે. એક અધિકારીએ જણાવ્યું હતું કે છેલ્લા દાયકા (૨૦૧૪-૨૪) દરમિયાન મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં ફોરેન ડાયરેક્ટ ઇન્વેસ્ટમેન્ટ ઈક્વિટીનો પ્રવાહ યુ.એસ ડોલર ૧૬૫.૧ બિલિયન સુધી પહોંચ્યો હતો, જે અગાઉના દાયકા (૨૦૦૪-૧૪)ની સરખામણીમાં ૬૯ ટકાનો વધારો દર્શાવે છે, જ્યારે યુ.એસ ડોલર ૯૭.૭ બિલિયનનો પ્રવાહ હતો ડોલરનો પ્રવાહ હતો. ભારત આકર્ષક અને રોકાણકાર-મૈત્રીપૂર્ણ સ્થળ બની રહે તેની ખાતરી કરવા માટે, સરકાર સતત ધોરણે ફોરેન ડાયરેક્ટ ઇન્વેસ્ટમેન્ટ નીતિની સમીક્ષા કરે છે અને હિતધારકો સાથે વ્યાપક પરામર્શ કર્યા પછી સમય સમય પર તેમાં ફેરફારો કરે છે.

નિષ્ણાતો કહે છે કે ૨૦૨૫માં ભારતમાં વિદેશી રોકાણ વધવાની શક્યતા છે કારણ કે સ્વસ્થ મેક્રોઇકોનોમિક ડેટા, બહેતર ઔદ્યોગિક ઉત્પાદન અને આકર્ષક ક્ક્ઈ યોજનાઓ ભૌગોલિક રાજકીય પડકારો વચ્ચે વધુ વિદેશી ખેલાડીઓને આકર્ષશે. તેમણે કહ્યું કે વૈશ્વિક પડકારો છતાં ભારત હજુ પણ રોકાણ માટે પસંદગીનું સ્થળ છે. રોકાણમાં તેજી ચાલુ રહેવાની શક્યતા છે. ટેક સેક્ટરમાં પ્રાઈવેટ ઈક્વિટી ફાઈનાન્સિંગ, જે અગાઉ ધીમી પડી ગયું હતું, ફરી તેજી આવશે તેવી પ્રબળ સંભાવના છે કારણ કે વિવિધ ફંડ્સે જાહેર બજારોમાં સારો આઉટફ્લો માણ્યો છે અને તેઓ ફરીથી રોકાણ કરવા તૈયાર છે.

સરકાર માળખાકીય સુધારાઓ ચાલુ રાખી શકે છે, ખાસ કરીને મર્જર અને એક્વિઝિશનના ક્ષેત્રમાં, જાહેર ટેકઓવર શાસનને વિદેશી ખેલાડીઓ માટે વધુ અનુકૂળ બનાવવા માટે સેબીને દબાણ કરવામાં આવ્યું હતું. કન્સલ્ટન્સી ડેલોઈટ ઈન્ડિયાના અર્થશાસ્ત્રી રુમક મજુમદારે જણાવ્યું હતું કે યુએસમાં અપેક્ષિત નીતિગત ફેરફારો અને ચીનની અર્થવ્યવસ્થા પર પોલિસી ઉત્તેજનાની અસર વચ્ચે એફડીઆઈનો પ્રવાહ સાધારણ રહેવાની શક્યતા છે. તેમણે જણાવ્યું હતું કે ભૌગોલિક રાજકીય પરિસ્થિતિઓ સપ્લાય ચેઈનને બદલી શકે છે અને વેપારના નિયમો રોકાણકારોના સેન્ટિમેન્ટને નબળા બનાવી શકે છે, જેનાથી મૂડી પ્રવાહ અસ્થિર બની શકે છે.

### ઘરમાં ગેરકાયદેસર રીતે દેશી બનાવટના બોમ્બ બનાવવામાં આવતા : અનેકવિધ વસ્તુઓ કરી રિકવર

# બંગાળના મુર્શિદાબાદમાં બોમ્બ બ્લાસ્ટ : ૩ના મોત



નવીદિલ્હી, તા. ૯

પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદ જિલ્લામાં બોમ્બ બ્લાસ્ટની ઘટના બની હતી. આ ઘટનામાં ૩ લોકોના મોત થયાના સમાચાર છે. પોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે. પોલીસના જણાવ્યા અનુસાર એક ઘરમાં ગેરકાયદેસર રીતે દેશી બનાવટના બોમ્બ બનાવવામાં આવી રહ્યા હતા. તે જ સમયે બોમ્બ વિસ્ફોટ થયો અને ૩ લોકોએ જીવ ગુમાવ્યા. જિલ્લાના ખેરતલામાં રહેતા મામુન મુલ્લાના ઘરે રવિવારે મોડી રાત્રે ગેરકાયદે બોમ્બ બનાવવાનું કામ ચાલી રહ્યું હતું. દરમિયાન અચાનક બોમ્બ વિસ્ફોટ થયો હતો. આ દરમિયાન ત્રણ લોકોના મોત થયા હતા. ઘટનાસ્થળે મોટી સંખ્યામાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે પોલીસે બન બનાવવાની ઘણી વસ્તુઓ પણ રિકવર કરી છે. મૃતકોના નામ મામુન મુલ્લા, સાકીરુલ સરકાર અને મુસ્તાકિન શેખ છે. આ પૈકી મુસ્તાકિન શીખનું ઘર મહતાબ કોલોની વિસ્તારમાં છે. ખયરતલા વિસ્તારમાં મામુન મુલ્લા અને સબીરુલ સરકારનું ઘર છે. તેઓ રાત્રિના અંધારામાં ઘરની અંદર બોમ્બ બનાવતા હતા.

આ મામલાને લઈને સ્થાનિક લોકોનું કહેવું છે કે પોલીસે જ્યાં વિસ્ફોટ થયો હતો ત્યાંથી બોમ્બ બનાવવાની ઘણી સામગ્રી મળી આવી છે. જોકે, મૃતકના એક સંબંધીનું કહેવું છે કે ઘર પર બોમ્બ ફેંકવામાં આવ્યો હતો. જો કે આની પાછળ કોઈ રાજકીય લોકોનો હાથ છે કે અન્ય કોઈ બાબત છે તે અંગે પોલીસ તપાસમાં વ્યસ્ત છે. વિસ્તારની પોલીસ એ જાણવામાં વ્યસ્ત છે કે આ બોમ્બ કોને વેચવાનો પ્લાન હતો? શું બોમ્બથી મોટો ધડાકો કરવાની કોઈ યોજના નહોતી? આ પહેલીવાર નથી કે જ્યારે બોમ્બ બનાવતી વખતે લોકોના મોત થયા હોય. બંગાળમાં એવા ઘણા જિલ્લા છે જ્યાં બોમ્બ બનાવવાની પ્રક્રિયા દરમિયાન લોકોના મોત થયા છે. સરકાર અવારનવાર આ ઘટનાઓ અંગે પગલાં લેવાની વાત કરે છે, પરંતુ તેમ છતાં જમીન પર કોઈ કામગીરી થતી જોવા મળતી નથી. આ પહેલા પણ ઘણી વખત નાના બાળકોના મોત થયા છે. ચૂંટણી દરમિયાન પણ ચૂંટણી પંચે કાર્યવાહી કરવી પડી હોય તેવું અનેકવાર બન્યું છે.



# દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે AAPએ બીજી યાદી કરી જાહેર

## પૂર્વ ઉપમુખ્યમંત્રી મનીષ સિસોદિયા હવે પટપરગંજથી નહીં, પરંતુ જંગપુરાથી ચૂંટણી લડશે

નવીદિલ્હી, તા. ૯

આમ આદમી પાર્ટી (AAP) એ સોમવારે દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે ૨૦ ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી. આવતા વર્ષે ચૂંટણી યોજાવાની છે. આ યાદીમાં ઘણા મોટા ફેરફારો જોવા મળ્યા છે. પૂર્વ ઉપમુખ્યમંત્રી મનીષ સિસોદિયા હવે પટપડગંજથી નહીં, પરંતુ જંગપુરાથી ચૂંટણી લડશે. પાર્ટીએ પટપરગંજથી શિક્ષણવિદ અવધ ઓઝાને ટિકિટ આપી છે. ઓઝા તાજેતરમાં અઅડ્માં જોડાયા છે. ભાજપ છોડીને અઅડ્માં સામેલ થયેલા જિતેન્દ્ર સિંહ શુન્તીને શાહદરાથી અને સુરિન્દર પાલ સિંહ બિટ્ટુને તિમારપુરથી ટિકિટ મળી છે. શાંતી AAP ધારાસભ્ય અને વિધાનસભા અધ્યક્ષ રામ નિવાસ ગોયલનું સ્થાન લેશે. બિટ્ટુ AAPના ચીફ વ્હીપ દિલીપ પાંડેની જગ્યાએ ચૂંટણી લડશે. પાર્ટીએ તેની પ્રથમ યાદીમાં ૧૧ ઉમેદવારોના નામ જાહેર કર્યા હતા.

AAPએ નવેમ્બરમાં પ્રથમ યાદી બહાર પાડી હતી જેમાં ૧૧ ઉમેદવારોને તક આપવામાં આવી હતી. તેમાંથી છ નેતાઓ એવા છે કે જેઓ તાજેતરમાં કોંગ્રેસ કે ભાજપ છોડીને કેજરીવાલની પાર્ટીમાં જોડાયા છે. જ્યારે ત્રણ આઉટગોઈંગ ધારાસભ્યોને ટિકિટ આપવામાં આવી હતી, ત્યાં ત્રણ ઉમેદવારો એવા છે જે ગત ચૂંટણી હારી ગયા હતા. તેમ છતાં, AAPએ તેમનામાં વિશ્વાસ વ્યક્ત કર્યો અને તેમને ટિકિટ આપી. બે વર્તમાન ધારાસભ્યો મનીષ સિસોદિયા અને રાખી બિદલાનને અનુક્રમે જુંડાપુરા અને મણિપુરના નવા મતવિસ્તારમાંથી મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. લોકપ્રિય UPSC કોચિંગ ટીચર અને મોટિવેશનલ સ્પીકર અવધ ઓઝા, જેઓ તાજેતરમાં અઅડ્માં જોડાયા હતા, તેમણે પટપરગંજમાં મનીષ સિસોદિયાનું સ્થાન લીધું છે. રાખી બિડલાને મંગોલપુરી બેઠક પરથી ત્રણ વખત ચૂંટણી લડી અને જીતી. રાકેશ જાટવ ધર્મરક્ષક હવે ઉત્તર પશ્ચિમ દિલ્હી બેઠક પરથી ચૂંટણી લડશે. વિકાસ બગ્ગા અને પુનરદીપ સિંહ સાહની (સાબી), બે ધારાસભ્યોના પુત્રો, કૃષ્ણા નગરના એસકે બગ્ગા અને ચાંદની ચોકના પરલાદ સિંહ સાહનીને AAPની યાદીમાં સ્થાન મળ્યું છે.




સદગુરૂ કૃપા હી કેવલમ્...

## પ્રાસંગિક

# જીવમાત્રનાં સંશયો નું સમાધાન કરનારી ભગવત ગીતા દરેક સનાતનીનું અભિમાન છે!



આવતીકાલે એટલે કે તારીખ ૧૧/૧૨/૨૦૨૪ નાં રોજ માગશર સુદ અગિયારસ જેને ગીતા જયંતી કે મોક્ષદા એકાદશીના નામે ઓળખવામાં આવે છે. વિશ્વનો એકમાત્ર એવો ગ્રંથ કે જેની જન્મ જયંતી ઉજવવામાં આવે છે, અને એ આપણે ગર્વ કરવાં જેવી વાત છે. આપણે ઘણીવાર ચિંતનમાં સંસ્કાર વિશે વાત કરી છે, અને સંસ્કાર પરથી રાષ્ટ્રની સંસ્કૃતિ નક્કી થાય. પણ સંસ્કાર કે સંસ્કૃતિ હવે વારસાગત રહી નથી! કાલે બે વિડિયો જોયાં, એક તો નીતા અંબાણી બ્રાન્ડ ઈન્ડિયા તરીકે જાહેર થયાં, અને બીજો એક અશોક પટેલનો વિડિયો હતો જેમાં બે ધનિક પરિવાર એટલે કે શાહરુખ ખાન અને મુકેશ અંબાણીના પરિવારની સરખામણી હતી. જેમાં મુકેશ અંબાણીનાં પરિવારનું નાના માં નાનું બાળક પણ જય શ્રીકૃષ્ણ બોલે છે, એટલે કે સંસ્કારી છે! જ્યારે શાહરુખ... ખેર માત્ર જય શ્રીકૃષ્ણ બોલવાથી આપણે સંસ્કારી છે, એવું કહી શકાય નહીં! પણ મુકેશ અંબાણીનો પરિવાર સંસ્કારી નથી, એવું કહેવાનો પણ ઈરાદો નથી, આ તો માત્ર સરખામણીની વાત કરી એટલે! સમાજમાં કેટલાંય ગરીબ પરિવારો જય શ્રીકૃષ્ણ બોલતાં જ હશે એની નોંધ લેવાતી નથી. કરુણા એ છે કે, વિકાસ સંતુલિત નથી! અને એ આવાં અતિ ધનવાનોને કારણે જ.. ખેર સંસ્કાર માટે માત્ર શ્રીકૃષ્ણ નહીં પણ ગીતાનો બોધ પણ યાદ રાખવો પડે, અને એમાં કહ્યું છે તેમ જીવવું પણ પડે. શ્રીમદ્ ભગવત ગીતા એ ભારતીય જન સમાજની સંસ્કૃતિ હતી, છે, અને કાયમ રહેશે!

મહાભારત નામનાં આદિગ્રંથની રચના સ્વયં ભગવાન વેદ વ્યાસે કરી છે, અને મહાભારતના ભીષ્મ પર્વમાં જ ભગવદ્ ગીતા આવે છે. દ્વાપરયુગમાં કૌરવ-પાંડવના આંતરિક યુદ્ધને કુરુક્ષેત્રના યુદ્ધ તરીકે ઓળખાવાયુ છે, અને એ યુદ્ધમાં અર્જુન પોતાની સામે પોતાનાં જ સગાઓને જોઈને જમીનના ટુકડા માટે આટલું ભયંકર અને ભીષણ યુદ્ધ!! આ પોતાનાથી કેમ થાય! એમ વિચારી અને છેલ્લી ઘડીએ હથિયાર હેઠાં મૂકી દે છે. ભગવાન શ્રીકૃષ્ણ સ્વયં પોતાનાં મુખે અર્જુનને સમજાવવા માટે સંવાદ કરે છે, જેને આપણે ભગવત ગીતા તરીકે ઓળખીએ છીએ. આજથી લગભગ ૭૦૦૦ વર્ષ પહેલાં આ ઘટના ઘટી હતી, એટલે કે ગીતાની રચના આટલી પુરાણી છે. આપણે સૌ જાણીએ છીએ તેમ ભગવત ગીતાના ૧૮ અધ્યાય છે, અને તેને ૭૦૦ શ્લોકોમાં વિભાજિત કરવામાં આવ્યાં છે. નાસીપાસ થયેલા અર્જુનને પોતાનું કર્તવ્ય કર્મ સમજાવવાના હેતુથી, ગીતાની રચના થઈ છે, અને સંજય આ દ્રશ્ય નજરે જોઈ ધૃતરાષ્ટ્રને કહે છે, એ રીતે પણ ગીતાના થોડાક શ્લોકો છે. કૃષ્ણ ઉવાચઃ અર્જુન ઉવાચઃ અને સંજય ઉવાચઃ બસ આટલાં જ પાત્રો વચ્ચેનો સંવાદ છે. તો આ થઈ વાત ગ્રંથની! પણ એમાં એવું શું છે જે આજે પણ આપણું જીવન અજવાળી શકે છે!

ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને પોતાનું કર્તવ્ય કર્મ સમજાવતા કહે છે, કે હે અર્જુન તું એક માત્ર શુદ્ધ આત્મા છે,જે માત્ર ને માત્ર મારી ઈચ્છાને કારણે અહીં ઉભો છે,તો અત્યારે તારું કર્તવ્ય કર્મ આ યુદ્ધ કરવાનું છે. તું તેમાં તારા સગાને જોઈને, મોહ, મમતાવશ યુદ્ધ કાર્ય અધૂરુ મૂકે છે, પણ યુદ્ધ તારી ઈચ્છાથી થતું નથી, તે અંતે મારી જ ઈચ્છા છે, માટે આ યુદ્ધમાં જે કોઈ તારા સગાં વહાલાંનાં મૃત્યુ થાય તેનો દોષ તને લાગશે નહીં. હું ઈચ્છું એ જ તારી નિયતી છે,કે તારી ક્રિયા છે, માટે તું નિશ્ચિત થઈને તારું કર્તવ્ય કર્મ કરે જા. બસ હું કંઈ જ નથી એ ભાવથી તું જે કંઈ કર્મ કરે તેનો દોષ તને લાગશે નહીં, માટે આ ધરાને દુર્યોધનના પાપથી મુક્ત કરવા, અત્યારે યુદ્ધ એ જ અંતિમ સત્યને સ્વીકારી યુદ્ધને શરું કર. તો આ છે જીવ માત્ર માટેનો કર્મનો સિદ્ધાંત! અને તેને બખૂબી સમજાવતા ભગવાન કહે છે કે, કણકણમાં પોતાનો વાસ છે, અને પ્રકૃતિથી માંડીને દરેકે દરેક વસ્તુનાં સંચાલનમાં પરમાત્મા જ પ્રવીણ છે.જ્યારે જીવ માત્ર નિમિત્ત બની જો કોઈ કાર્ય કરે, તો તે આ કર્મના સિદ્ધાંતથી પરે રહી શકે છે, અને કોઈપણ પ્રકારના સારા-ખરાબ કર્મનો ભાર તેને વેઠવાનો રહેતો નથી. એટલે નરસિંહ કહે તેમ હું કરું હું કરું એ જ અજ્ઞાનતા..

પરંતુ અંતે તો અર્જુન એક માનવ છે, અને તે તેની એક પછી એક દ્વિધાને રજૂ કરે છે, અને ભગવાન તેની દ્વિધાનું સમાધાન કરે છે. પરંતુ દ્વાપરના એ યુગમાં ભગવાન શ્રીકૃષ્ણ જ્યારે ગીતાનું ગાન કરી રહ્યા હતા, ત્યારે અર્જુનની બહાર દુર્યોધન હતો, આજે તો દરેક જીવમાં પણ એક દુર્યોધન છુપાયેલ છે, અને અર્જુન દુર્યોધનનું યુદ્ધ ભીતર જ થાય છે, એવે સમયે અર્જુનનું જીતવું બહુ કઠિન બની જાય છે. ટૂંકમાં કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે અહીં જીવથી કંઈ જ થતું નથી, ઝાડનું પાન પણ ઈશ્વરનાં ઈશારે જ હલે છે. પ્રકૃતિના પંચ મહાભૂત તત્વથી માંડી, જડ ચૈતન્યમાં તેની હાજરી છે, અને તે દરેકે દરેકનું સંચાલન ભગવાન યોગેશ્વર કરે છે. જીવમાત્રમાં આત્મારૂપે પરમાત્મા રહેલો છે, અને તેની દેખરેખમાં જો જીવન વિતે, તો ક્યાંય દોષ રહેતો નથી. પરંતુ માનવ સ્વભાવ છે, હું અને મારું, એ મોહ, મમતા એટલી આસાનીથી છૂટતા નથી. મોટે ભાગે જન્મથી મૃત્યુ સુધીની જીવન યાત્રામાં જો જીવ આ સત્યને જાણી લે, તો જીવ બ્રહ્મજ્ઞાનને પામી ગયો છે, અને જીવન મુક્તિ કે મોક્ષ સુધી પહોંચી ગયો એવું આપણે બોલીએ છીએ. બસ આટલી અમથી નાની વાત આપણે સમજી શકતા નથી, કે ઈશ્વર નિર્મિત દરેક કાર્ય ઈશ્વરના સંચાલનથી થઈ રહ્યું છે. એટલે કે દરેક ઘટના તેની ઈચ્છા અને મરજી મુજબ જ અહીં થાય છે, તો હર્ષ શોક શું કામ કરવો! અને નાના મોટા દરેક કર્મ અંતે તો તેજ કરનાર છે. આપણે તો નિમિત્ત માત્ર છીએ, એવો ભાવ રાખવો એ ખરેખર બહુ જ અઘરું છે. કારણ કે અહીં મારી વાત, મારી સંપત્તિ, મારા સગાં, મારા કર્મો, અને મારું સુખ,આ બધું ક્યાં સુધી ખુદને ખભે રાખી દોડીશું? હું અને મારું એમાં જીવ એવું તે કયું સુખ જોઈ ગયો છે, કે જીવન પર્યંત બસ ભમરાની જેમ ત્યાંજ આટા મારે રાખે છે. કોઇ કોઇ વિરલ વ્યક્તિ જ આ સત્યને જાણી જાય છે, અને જાણ્યા પછી અનુસરે છે, તેને આપણે બુદ્ધ પુરુષ કહીએ છીએ.

ગીતામાં એક શ્લોક ધૃતરાષ્ટ્રને મોઢે, ૪૭ શ્લોક સંજયને મોઢે,૮૪ શ્લોક અર્જુનને મોઢે,અને ૫૭૪ શ્લોક ભગવાન શ્રીકૃષ્ણના મોઢે બોલાયા છે, એ ઉપરાંત એ દિવસે રવિવાર હતો. કૃષ્ણને અર્જુનને સમજાવવામા માત્ર ૪૫ મિનિટ થઈ હતી. ૧૮ અધ્યાય અને તેના આ ૭૦૦૦ શ્લોકને સમજતા અર્જુનને માત્ર ૪૫ મિનિટ થઈ, જ્યારે આજે જીંદગી પૂરી થાય, છતાં કર્તવ્ય કર્મનો સિદ્ધાંત સમજાતો નથી.ભગવત ગીતાનો સાર એટલો જ છે, કે જીવમાત્ર જન્મ લઈને આ પૃથ્વી પર ઈશ્વર ઇચ્છાથી જ આવે છે, અને તે જે કંઈ કાર્ય કરે છે, તે માત્ર ને માત્ર તેનું નિમિત્ત છે, અંતે તો બધી જ ક્રિયાઓ ઈશ્વર ઈચ્છાને આધીન છે. તો આ છે વિશ્વ આખાનું પ્રતિનિધિત્વ કરી શકે એવા ગ્રંથનું મહાત્મ્ય! કે જે દરેક સનાતનીનું અભિમાન છે.

**લી. ફાલ્ગુની વસાવડા. (ભાવનગર)**

# દિલ્હીની ૪૦ શાળાઓને બોમ્બની ધમકી

## મેઈલમાં 30,000 યુએસ ડોલરની કરાઈ માંગ : વર્ગો સ્થગિત કરી દીધા હતા અને વિદ્યાર્થીઓને ઘરે પાછા મોકલી દીધા

નવીદિલ્હી, તા. ૯

સોમવારે, દિલ્હીની લગભગ ૪૦ શાળાઓને બોમ્બની ધમકીનો મેલ મળ્યો હતો અને મેલમાં 30,000 યુએસ ડોલરની માંગ કરવામાં આવી હતી. એક પોલીસ અધિકારીએ આ માહિતી આપી.

આ ધમકી દિલ્હીની જાણીતી શાળાઓને એક જ ઈ-મેલ દ્વારા મોકલવામાં આવી હતી, જેમાં આરકે પુરમની દિલ્હી પબ્લિક સ્કૂલ (ડીપીએસ), પશ્ચિમ વિહારની જીડી ગોએન્કા, ચાણક્યપુરીની ધ બ્રિટિશ સ્કૂલ, અરબિંદો માર્ગ પર આવેલી મધર્સ ઈન્ટરનેશનલ, મંડી હાઉસ મોડર્ન સ્કૂલનો સમાવેશ થાય છે. , ડીપીએસ વસંત કુંજ, દિલ્હી પોલીસ પબ્લિક સ્કૂલ સફદરજંગ, ડીપીએસ ઈસ્ટ ઓફ કૈલાશ અને સલવાન પબ્લિક સ્કૂલ.

અધિકારીઓએ જણાવ્યું હતું કે મોટાભાગની શાળાઓ જેમને ધમકીઓ મળી હતી તેઓએ તેમના વર્ગો સ્થગિત કરી દીધા હતા અને વિદ્યાર્થીઓને ઘરે પાછા મોકલી દીધા હતા. દિલ્હી ફાયર સર્વિસ (ઉત્ર્જ્જ)ના અધિકારીએ જણાવ્યું હતું કે ઉઙ્જ આરકે પુરમથી સવારે ૭.૦૬ વાગ્યે અને જીડી ગોએન્કા, પશ્ચિમ વિહારથી સવારે ૬.૧૫ વાગ્યે બોમ્બની ધમકીનો કોલ આવ્યો હતો. તેમણે કહ્યું કે ડોગ સ્ક્વોડ, બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ અને સ્થાનિક પોલીસ સહિત ફાયર વિભાગના અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા અને શાળાઓમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું. એક પોલીસ અધિકારીએ સવારે લગભગ ૯.૩૦ વાગે કહ્યું કે હજુ સુધી કંઈપણ શંકાસ્પદ મળ્યું નથી.

અધિકારીએ જણાવ્યું કે આ અંગે વધુ તપાસ ચાલી રહી છે. સૂત્રોએ જણાવ્યું કે આ ઈમેલ રવિવારે રાત્રે ૧૧.૩૮ વાગ્યે સ્કૂલ આઈડી પર આવ્યો હતો, જ્યારે સ્કૂલો બંધ હતી.




મેં બિલ્ડિંગની અંદર ઘણા બોમ્બ પ્લાન્ટ કર્યા છે. બોમ્બ નાના અને ખૂબ જ સારી રીતે છુપાયેલા છે. આનાથી ઈમારતને વધારે નુકસાન નહીં થાય, પરંતુ બોમ્બ વિસ્ફોટ થતાં અનેક લોકો ઘાયલ થશે. મેઈલમાં એવું પણ લખવામાં આવ્યું છે કે, જો મને 30,000 નહીં મળે તો તમારે બધાએ નુકસાન સહન કરવું પડશે અને કિંમત ચૂકવવી પડશે. મયુર વિહારમાં આવેલી મધર મેરી સ્કૂલે વાલીઓને મોકલેલા સંદેશમાં જણાવ્યું હતું કે, 'આજે સવારે સ્કૂલમાં બોમ્બ હોવાની ધમકી અંગે એક ઈમેલ મળ્યો હતો. તેથી સાવચેતીના પગલારૂપે વિદ્યાર્થીઓને તાત્કાલિક પરત મોકલવામાં આવી રહ્યા છે. તમને વિનંતી છે કે કૃપા કરીને તમારા બાળકોને તમારા સંબંધિત બસ સ્ટોપ પરથી એકત્રિત કરો. પોતાની પુત્રીને શાળાએથી પરત લાવતી વખતે, માતા-પિતામાંથી એક હરીશે કહ્યું, મને શાળામાંથી ઈમરજન્સી સંદેશ મળ્યો. આ સરકારની નિષ્ફળતા છે કારણ કે શાળાઓને નિયમિતપણે આવી ધમકીઓ મળી રહી છે.

દિલ્હીમાં ૨૦૦ થી વધુ શાળાઓ, હોસ્પિટલો અને અન્ય મહત્વપૂર્ણ સરકારી સંસ્થાઓને મે મહિનામાં બોમ્બની આવી જ ધમકીઓ મળી હતી, પરંતુ આ કેસ હજુ ઉકેલાયો નથી કારણ કે મેઇલ વર્ચ્યુઅલ પ્રાઈવેટ નેટવર્ક (ટ્ઙ્ગ) નો ઉપયોગ કરીને મોકલવામાં આવ્યો હતો. સ્કૂલ ગુંડાગીરીના મામલામાં દિલ્હી પોલીસના પીઆરઓ સંજય ત્યાગીએ કહ્યું કે પોલીસ ટૂંક સમયમાં ઈમેલના સ્રોત સુધી પહોંચીને કાર્યવાહી કરશે. ઈમેલ મળતાની સાથે જ પોલીસે તેમની કાર્યવાહી શરૂ કરી હતી. પોલીસની ટીમો તમામ જગ્યાએ પહોંચી ગઈ છે. અમે તમામ શાળાઓ અને બાળકોની સુરક્ષા સુનિશ્ચિત કરી રહ્યા છીએ અને હું દિલ્હીના તમામ વાલીઓ અને લોકોને ખાતરી આપવા માંગુ છું કે પોલીસ બાળકો અને શાળાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે શક્ય તેટલું બધું કરશે.

# ગાયત્રી આશ્રમ ગધેથડ ખાતે ૧૫ ડિસેમ્બરના રોજ ગુરુદત્ત જયંતિ

## એક સાથે ૧૧૦૦ ભક્તો ગુરુદેવ લાલ બાપુનુ કરશે પૂજન : ઉપલેટા તાલુકાના તમામ ગામો માટે ધુવાણા બંધ પ્રસાદની કરાય છે વ્યવસ્થા



રાજકોટ, તા. ૯

વેદમાતા ગાયત્રી માતાજી તેમજ મા લક્ષ્મી અને સરસ્વતી માતાજીની અસીમ કૃપાથી શ્રી ગુરુદત્ત જયંતિ નિમિત્તે ગુરુપૂજન નું આયોજન ગાયત્રી આશ્રમ ગધેથડ ખાતે કરવામાં આવ્યું છે. આ દિવ્ય પ્રસંગ ૧૫ ડિસેમ્બર રવિવારના રોજ યોજાશે. મળતી માહિતી મુજબ આ પાવન પ્રસંગમાં આશરે ૧.૫ લાખ જેટલા ભાવિક ભક્તો ઉપસ્થિત રહે તેવું હાલ અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. સાથો સાથ ઉપલેટા સહિત એક ૧૧૫ ગામમાં ધુવાણા બંધ પ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું છે. માત્ર મનુષ્ય જ નહીં પરંતુ અબોલ જીવો માટે પણ ખાસ પૂજ્ય લાલબાપુ દ્વારા એક નવતર આયોજન કરવામાં આવ્યું છે જેમાં ઉપલેટા તાલુકામાં ગૌમાતા માટે નીરણ, ચકલા માટે ચણ, કુતરા માટે લાડવા, માછલા માટે બુંદી અને કીડી માટે વિતરણ થશે જેથી દરેક લોકો શાંતિપૂર્વક પ્રસાદ લઈ શકે અને દિવ્ય દિવસની અનુભૂતિ કરે.

ગુરુદત્ત જયંતિ નિમિત્તે ૨૫ વીઘામાં ભોજનાલયનું પણ આયોજન કરવામાં આવ્યું છે સાથોસાથ મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ઉપસ્થિત રહેવાના હોવાથી વિશાળ પાર્કિંગની વ્યવસ્થા પણ કરવામાં આવી છે અને આ કાર્યક્રમને દીપાન્વીત કરવા હજારો સ્વયંસેવકો ખડે પગે રહી મહેનત કરી રહ્યા છે સાથે આજ દિવસે આનંદ મેળો પણ યોજવામાં આવ્યો છે. મહત્વનું તો એ છે કે ગુરુદત્ત જયંતિ નિમિત્તે જે લોકો પૂજ્ય લાલબાપુને ગુરુ બનાવવા માંગતા હોય તેવા દરેક લોકો લાલ બાપુ ની પૂજા કરશે આશરે એક સાથે ૧૧૦૦ લોકો પૂજા કરે તે માટેની ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. હાલ જે માહિતી મળી રહી છે તે મુજબ ગુરુદેવ લાલ બાપુ નું ગુરુ પૂજન સવારે છ વાગ્યાથી શરૂ થઈ મોડી સાંજ સુધી ચાલશે જ્યારે ભોજન પ્રસાદ સવારે દસ વાગ્યાથી શરૂ થઈ મોડી રાત્રી સુધી ચાલશે જેથી દરેક ભક્તો મહાપ્રસાદનો ખૂબ સરળતાથી અને શાંતિપૂર્વક રીતે લાભ લઈ શકે.

દિલ્હીમાં યોજાઈ ICA ગ્લોબલ કોન્ફરન્સ

# ભારતીય સહકારિતા માટે ગૌરવાન્વિત ક્ષણ : દિલીપ સંઘાણી

## નવા સહકાર મંત્રાલયની રચના બાદ સહકાર થી સમૃદ્ધિ સંકલ્પ સાથે દેશના સહકારી માળખામાં અનેકવિધ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી

રાજકોટ, તા. ૯

સહકારની સરિતા અસ્ખલિત વહેતી હોય છે, તેને કોઈ કિનારા હોતા નથી. હા.... જ્યાંથી પસાર થાય ત્યાં નાના-મોટા વિકાસ કે આર્થિક ટેકાનું વાવેતર કરતી જાય. સહકાર એ શબ્દ કરતાં સામાજીક ઉત્થાનનું મહત્વનું અંગ છે તેમ વિશ્વાસ સાથે કહી શકું.

રજવાડાના એકત્રીકરણના સરદાર વલ્લભભાઈ પટેલના સંન્નિષ્ઠ પ્રયાસમાં રાજાઓનો વિશ્વાસ અને ગાંધીજીની ભારત છોડો હાકલને જનસમર્થન એ પણ સામાજીક સહકાર છે, તેથી જરૂર કહી શકાય કે સહકાર અજન્મા છે. ભારતની સહકારી પરંપરા પ્રાચીન સમયથી ચાલી આવેલ છે, જેના મૂળ અને સંસ્કૃતિ આર્થિક પધ્ધતિમાં જોડાયેલ છે. કૌટિલ્યના અર્થશાસ્ત્ર પ્રમાણે જોઈએ તો ગામડાઓનું નાણાંકીય માળખું સહકારી માળખાની પ્રતિતિ કરાવે છે, રોજગાર પુરો પાડે છે, કૌટુંબિક અને સામાજિક વિકાસમાં દાયિત્વ નિભાવે છે.

ભારત સરકાર સહકારી નીતિને લોકભોગ્ય બનાવવા અને આ પ્રવૃત્તિને જન-જન સુધી પહોંચાડવા ઉપર ધ્યાન કેન્દ્રીત કરી આઝાદી બાદ દેશમાં પ્રથમ વખત પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી ના નેતૃત્વમાં નવા સહકાર મંત્રાલય ની રચના તેનું પ્રતિબિંબ છે. અનુભવી સહકારી તેના તરીકે અમિતભાઈ શાહ કેન્દ્ર સરકારમાં સહકાર મંત્રી તરીકે આ મંત્રાલય સંભાળી રહ્યા છે.

નવા સહકાર મંત્રાલયની રચના બાદ સહકાર થી સમૃદ્ધિ સંકલ્પ સાથે દેશના સહકારી માળખામાં અનેકવિધ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી છે. જેના આપણે સૌ સાક્ષી બની રહ્યા છીએ. જુલાઈ ૨૦૨૪ માં અમેરિકા સ્થિત સંયુક્ત રાષ્ટ્ર સંઘ મુખ્યાલય ખાતે યોજાયેલ ICA (International



Cooperative Alliance) ની બેઠકમાં ભારતના સહકારી પ્રતિનિધિમંડળ સાથે હું ઉપસ્થિત રહેલ. આ બેઠકમાં મારા સંબોધનમાં મેં ICA ની ઈન્ટરનેશનલ કોન્ફરન્સ નું ઈફકોના યજમાન પદે ભારતમા આયોજન કરવા માટે નિમંત્રણ પાઠવેલ. જે ICA બોર્ડ દ્વારા મંજુર કરવામાં આવેલ.

૧૩૨ વર્ષ પહેલાં સ્થાપિત ICA ની ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ૧૦૭ દેશોના સહકારી અગ્રણીઓ ની ઉપસ્થિતિમાં ઈફકોના યજમાન પદે ભારત મંડપમ, નવી દિલ્હી ખાતે યોજાઈ. આવા સમયે સહકારની વિવિધ સક્રિય જવાબદારીઓ વચ્ચે ભારતના યજમાન પદે યોજાયેલ ઈન્ટરનેશનલ કોન્ફરન્સની વ્યવસ્થાઓ અને જવાબદારીઓ વહન કરવાનો મને અવસર પ્રાપ્ત થયો તે મારા જીવનની ગૌરવની ક્ષણ છે.

ગત તા. ૨૫ નવેમ્બર નાં રોજ ભારત મંડપમ, નવી દિલ્હી ખાતે યોજાયેલ ICA ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી, ભૂટાનનાં પ્રધાનમંત્રી શેરિંગ ટોબગે, ફિઝિના ઉપ પ્રધાનમંત્રી મનોઆ કામીકામીકા, કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહ, ICA નાં અધ્યક્ષ એરીઅલ ગ્વારકો તેમજ વિશ્વના ૧૦૭ દેશોના ૧૫૦૦ થી વધુ પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા ૨૦૨૫ ના વર્ષને આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ તરીકે જાહેર કરવામાં આવ્યું અને કોન્ફરન્સનો શુભારંભ કરવામાં આવ્યો.

વિશ્વના અલગ અલગ દેશોમાંથી પધારેલા સહાકારી આગેવાનો સાથે ઈઈઅ દ્વારા યોજાયેલ વિવિધ ચર્ચા સત્રો તેમજ પ્રતિનિધિ મંડળ સાથેની બેઠકોમાં વ્યક્તિગત રૂપે સૌને મળવાનો મને અવસર પ્રાપ્ત થયો. વિશ્વના અનેક દેશોનાં સહકારી આગેવાનો ભારતની સહકારિ ચળવળ વિષે જાણકારી મેળવવા માટે ઉત્સુક જણાતા હતા. વિશેષ દેશની પ્રમુખ સહકારી સંથાઓ સાથે કોઈ ને કોઈ સહકારી પ્રવૃત્તિ બાબતે જોડાવાની ઈચ્છા પણ વ્યક્ત કરી. મુલાકાતોમાં મને વસુધૈવ કુટુમ્બકમ ની ભાવનાનું પણ દર્શન થયું.

# ચણા- તુવેરનો માત્ર ૫૦% જથ્થો આવતા દુકાનદારો નારાજ

## આગામી દિવસોમાં સ્થિતિ સુધરશે તેવું આશ્વાસન આપતા જિલ્લા પુરવઠા અધિકારી : વિતરણ વ્યવસ્થા ને પહોંચી છે અસર

રાજકોટ, તા. ૯

છેલ્લા ઘણા સમયથી રાજ્યનું પુરવઠા વિભાગ જે જથ્થામાં માલ મોકલવામાં આવવો જોઈએ તે મોકલવામાં આવતો નથી તેનાથી ઘણા ખરા પ્રશ્નો હાલ સસ્તા અનાજના દુકાનદારોને થઈ રહ્યા છે મળતી માહિતી મુજબ હાલ જે જથ્થો મળવો જોઈએ તે મળ્યો નથી સામે ચણા અને તુવેર નો માત્ર ૫૦% જ જથ્થો મળતો હોવાથી સસ્તા અનાજના દુકાનદારોમાં ભારે વિરોધ જોવા મળ્યો છે. આ અંગે રાજકોટ જિલ્લાના પુરવઠા અધિકારી રાજેશ્રી વાંગવાણીએ માહિતી આપતા જણાવ્યું હતું કે રાજકોટમાં બાર ગોડાઉનમાંથી સસ્તા અનાજની દુકાનોમાં અનાજનો વિતરણ કરવામાં આવી રહ્યું છે પરંતુ રાજ્ય કક્ષાએથી ચણા અને તુવેરદાળનો જથ્થો નિર્ધારિત જથ્થા ની સરખામણીમાં ૫૦% ઓછો મોકલવામાં આવ્યો છે. ત્યારે તે જથ્થો આપવામાં આવ્યો છે તેનાથી જ સસ્તા અનાજના દુકાનદારોએ વિતરણ વ્યવસ્થા શરૂ કરી છે તો સામે ગ્રાહકો અને લાભાર્થીઓમાં પણ ભારે રોષ જોવા મળી રહ્યો છે. જિલ્લા પુરવઠા અધિકારીએ માહિતી આપતા જણાવ્યું હતું કે ઓક્ટોબર મહિનામાં રાજકોટ જિલ્લાની જો વાત કરવામાં આવે તો ૯૭ ટકા લોકોને અનાજનો જથ્થો પૂરો પાડવામાં આવ્યો છે કારણ કે ૩.૦૩ લાખ રાશનકાર્ડ ધારકોમાંથી ૨.૯૫ લાખ લાભાર્થીઓને પુરવઠો મળી ગયો છે.





રાજકોટ જિલ્લા પુરવઠા અધિકારી રાજેશ્રી વાંગવાણીએ જણાવ્યું હતું કે, સસ્તા અનાજની દુકાને પુરવઠો નિયમિત રીતે પહોંચાડવામાં જ આવે છે. રાજકોટ જિલ્લામાં કુલ ૧૨ ગોડાઉન છે. જ્યાંથી તાલુકા વાઈસ જે તે ગોડાઉન ઉપર માલ આપવામાં આવે છે. ગોડાઉનમાંથી જે માલ જાય છે તે ડોર સ્ટેપ ડિલિવરી હોય છે જે દુકાનો ઉપર પહોંચે છે. ચણા અને તુવેર દાળનો જથ્થો સમયસર ન પહોંચવા બાબતે પૂછવામાં આવતા તેમણે જણાવ્યું હતું કે, ઘણી વખત એવું બને છે કે ૫૦ ટકા પરમિટ મુકાઈ હોય અને ત્યાર બાદ જે તે દુકાન ધારકો ચલણ ભરતા હોય છે. દુકાનધારકો ચલણ ભરે ત્યાર બાદ વહેલા તે પહેલાના ધોરણે અનાજનું વિતરણ કરવામાં આવે છે. બીજી સૌથી મોટી વાત તો એ છે કે હાલ જે જથ્થો રાજ્ય કક્ષાએથી મોકલવામાં આવ્યો છે તે પણ ૫૦% જેટલો છે ને તેમાં પણ તાલુકા કક્ષાએ મોકલવામાં આવતો હોવાથી આ જથ્થા પર બ્રેક લગાવવામાં આવી છે જેને લઈને સસ્તા અનાજના દુકાનદારોમાં પણ ભારે વિરોધ જોવા મળ્યો છે. આવનારા દિવસોમાં સ્થિતી આ રીતે જોવા મળી તો ઘણા ખરા પ્રશ્નો ઊભા થઈ શકે તેમ છે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

હાલ તો આખા ચણા અને તુવેર દાળનો જથ્થો ગોડાઉનમાં ૫૦ ટકા જ આવ્યો છે. ઉપરથી ૫૦ ટકા પરમીટ જ આવ્યું હોવાથી ઓછો જથ્થો સપ્લાય થઈ રહ્યો છે. ચણા અને તુવેર દાળનો જથ્થો ઓછો આવવાને કારણે અમે રાજ્યના પુરવઠા વિભાગને જાણ પણ કરી છે અને જ્યારે પણ અનાજનો જથ્થો ઓછો આવે ત્યારે અમે જાણ કરીએ છીએ અને ગ્રાહકોને પણ સમજાવીએ છીએ કે જથ્થો આવતાની સાથે જ સસ્તા અનાજની દુકાનો ખાતે અનાજનો જથ્થો પહોંચી જશે. બીજી તરફ રાજકોટ જિલ્લાના પુરવઠા અધિકારીઓ જણાવ્યું હતું કે હાલ જે સ્થિતિનું નિર્માણ થયું છે તેને ધ્યાને લઈ સસ્તા અનાજના દુકાનદારોને પણ સમજાવવામાં આવી રહ્યા છે અને લાભાર્થીઓને પણ આ અંગે ધ્યાન દોરવામાં આવે છે કારણ કે હાલ છે સ્થિતિ ઊભી થઈ છે તેમાં હવે સુધારો આવશે તે માટેનું આશ્વાસન પણ આપવામાં આવેલું છે.

### એકટીવા અને રોકડ મળી રૂ.૧.૬૦ લાખની કરી’તી લુંટ

# શાપર-વેરાવળમાં પેટ્રોલ પંપના ભાગીદારને લુંટનાર ચારેય જેલહવાલે



રાજકોટ મિરર, તા.૯

શાપર(વે)માં પેટ્રોલ પંપ સંચાલકનું રૂ. ૧ લાખથી વધુની રકમ સાથેનું એકટીવા લુંટી નાસી છૂટનાર બે સગીર સહીત ચારને આજે કોર્ટમાં રીમાન્ડની માંગણી સાથે રજુ કરાતા કોર્ટે રિમાન્ડ નામંજૂર કરી ચારેયને જેલ હવાલે કરવા હુકમ કર્યો હતો.

મળતી વિગતો મુજબ શાપર-વેરાવળમાં ગોંડલ રોડ ઉપર આવેલ ઓમ પેટ્રોલીયમના ભાગીદાર હર્ષદભાઇ હરીભાઇ કાલરીયા રે. કાંગશીયાળીએ પોતાની ફરિયાદ જાહેર કરેલ કે કોઇ ત્રણ અજાણ્યા ઈસમો તેના મોટર સાયકલમાં આવી ફરીયાદીના એકટીવા મો.સા. આડુ તેનું મો.સા. નાખી ફરીયાદીને ઉભા રાખી દઇ ફરીયાદીને છરી બતાવી છરી મારવાની ધમકી આપી ફરિયાદીનું એકટીવા મો.સા. રજી. નં. જીજે-૧૧-સીપી-૧૬૩૧ કી. રૂ. ૫૦,૦૦૦/- તથા મો.સા.ની સીટ નીચે રાખેલ રોકડ રૂ. ૧,૦૫,૦૦૦/- તથા વીવો કંપનીનો મોબાઇલ ફોન કી. રૂ. ૫,૦૦૦/- તેમ કુલ રૂપિયા ૧,૬૦,૦૦૦/-ની લુંટ કરી નાસી ગયેલ હોવાની ફરીયાદ આપતા જે અંગે શાપર (વે.) પોલીસે ગુન્હો નોંધ્યો હતો.

દરમિયાન જયપાલસિંહ રાઠોડ નાયબ પોલીસ મહાનિરીક્ષક રાજકોટ ગ્રામ્ય તુરત જ ગુન્હો ડીટેકટ કરી આરોપીઓને પકડી પાડવા સુચના આપતા, આ અનુસંધાને એલ.સી.બી. શાખાના પો. ઈન્સ. વી. વી. ઓડેદરા, એસ.ઓ.જી. શાખાના પો. ઈન્સ. એફ. એ. પારગી તથા શાપર (વે.) પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. આર. બી. રાણા એલ. સી.બી. એસ.ઓ.જી. તથા શાપર વેરાવળ પોલીસ સ્ટેશનના સ્ટાફની ટીમો બનાવી ટેકનીકલ સોર્સ તથા હ્યુમન સોર્સ આધારે તપાસ કરી આરોપીઓની હકીકત મેળવી આરોપી શાહરૂખ અકબરઅલી અન્સારી ઉ.વ.૨૨ (રહે.રાજકોટ પ્રણામી ચોક, આર.કે. પાનની બાજુમાં શેરી), રાહીલ હમીરભાઇ નારેજા ઉ.વ.૧૯ (રહે.રાજકોટ, કોઠારીયા સોલવન્ટ કાંગશીયાળી રોડ, રસુલપરા શેરી નં.૧૭) તથા કાયદાના સંઘર્ષમાં આવેલ બે બાળ કિશોરને લુંટમાં ગયેલ. રોકડ રૂ.૧,૦૫૦૦૦/-, એકટીવા મોટર સાયકલ રજી.નં.જીજે.૧૧.સીપી-૧૬૩૧ કી.રૂ.૫૦,૦૦૦, રૂ.૫,૦૦૦નો મોબાઇલ, એકટીવા રૂ.૭૦,૦૦૦ તથા સ્વીફ્ટ કાર નં.જીજે.૦૩.એનકે. ૬૮૫૫ કી.રૂ.૫,૦૦,૦૦૦/- કબ્જે કરી હતી.

દરમ્યાન આજે બે સગીરોને બાળ અદાલતમાં અને પુખ્ત આરોપીઓને કોર્ટમાં રજુ કરતા લુંટમાં ગયેલો મુદ્દામાલ મળી ગયો હોવાથી, રીમાન્ડની માંગણી ફગાવી કોર્ટે બન્ને કોર્ટે ચારેયને જેલ હવાલે કરવાનો હુકમ કર્યો હોવાનું શાપર વેરાવળ પોલીસના પીઆઈ આર.બી. રાણા તેમજ રાઈટર મહેન્દ્રભાઈ ધાધલએ ‘‘રાજકોટ મિરર‘‘ને જણાવ્યું હતું

# મહિલા સહિત ચારનો ભોગ લેતો હાર્ટએટેક

## જીવરાજપાર્કમાં ખાણીપીણીના ધંધાર્થી, પ્રજાપતિનગર - શક્તિ સોસાયટીમાં બે યુવાન તેમજ માધાપર ચોકડી પાસે મહિલાનું હાર્ટ એટેકથી મોત થયાનું સિવિલ હોસ્પીટલમાં નોંધાયું



રાજકોટ મિરર, તા.૯

શહેરની સિવિલ હોસ્પીટલમાં આજે જુદા જુદા વિસ્તારમાં બનેલા હાર્ટ એટેકના બનાવમાં એક મહિલા સહીત ચારના મોત થયાનું નોંધાયું છે. હોસ્પિટલ ચોકી પોલીસની જાણ પરથી સંબંધિત પોલીસે સિવિલ હોસ્પિટલ પર દોડી આવીને મૃતકોના પીએમ વિધિ સહિતના જરૂરી કાગળો કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ શહેરમાં નાનામવા રોડ ઉપર આવેલા જીવરાજ પાર્કમાં રહેતા અને ઢોસાની દુકાન ધરાવતા મુદલીયાર સુબ્રહ્મણી મહાલીગમ નામના ૪૫ વર્ષના પ્રૌઢ રાત્રીના બે વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતા. ત્યારે હદયરોગનો હુમલો આવતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં પ્રૌઢનું મોત નિપજતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી હતી. પ્રાથમિક પૂછપરછમાં મૃતક પ્રૌઢ બે ભાઈ એક બહેનના વચ્ચેટ હતા અને તેમને સંતાનમાં બે પુત્ર હોવાનું જાણવા મળ્યું છેબીજા બનાવમાં પેડક રોડ પર પંચશીલ સ્કૂલ પાસે રહેતા વિશાલભાઈ કેશુભાઈ ક્યાડા (ઉ.વ.૩૪) રાત્રિના બે વાગ્યે પોતાના ઘરે હતા ત્યારે અચાનક બેભાન થઈ જતાં તેઓને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.તબીબોએ યુવકનું હાર્ટ એટેકથી મોત નીપજ્યું હોવાનું જણાવ્યું હતું. મૃતક યુવાન તેના માતા-પિતાને અઢાર સ્થંભ એકનો એક પુત્ર હતો અને તેને સંતાનમાં એક પુત્ર છે.

ત્રીજા બનાવમાં મોરબી રોડ પર જય જવાન જય કિશાન સોસાયટીમાં રહેતા અલ્પેશભાઈ પ્રવીણભાઈ ચૌહાણ (ઉ.વ.૩૬) રાત્રિના સૂતા હતા ત્યારે હ્રદય રોગનો હુમલો આવતા તેઓનું મોત થયું હતું. પ્રાથમિક પૂછપરછમાં મૃતક યુવાન માતા-પિતાનો એકનો એક પુત્ર હતો અને તેને સંતાનમાં એક પુત્રી હોવાનું જાણવા મળ્યું છે.

આ ઉપરાંત ચોથા બનાવમાં માધાપર ચોકડી પાસે રેલવે ઓવર બ્રિજ નજીક ગોલ્ડ પોટિકો એપાર્ટમેન્ટમાં રહેતા ગીતાબેન વિનુભાઈ ધામેલિયા (ઉ.વ.૫૩) રાત્રિના સૂતા બાદ સવારે પરિવારે તેઓને જોતાં તેઓ બેભાન હોવાનું માલૂમ પડતાં તાત્કાલિક ૧૦૮ મારફત સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડયા હતા.અહી ફરજ પરના તબીબોએ તપાસીને મૃત જાહેર કર્યા હતા.તેમજ હાર્ટ એટેક આવ્યાનું જણાવ્યું હતું. ઉપરોક્ત બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# પરિણીતાને પતિ-દિયરનો અનહદ ત્રાસની ફરિયાદ

## કાલાવડ રોડ પર માવતરીએ આવેલી મહિલાની ફરિયાદ કહ્યું દિયર તો હાથ પકડી બીભત્સ માંગણી કરતો’તો

રાજકોટ મિરર, તા.૯

શહેરના કાલાવડ રોડ પર માવતર ધરાવતી પરિણીતાએ પોતાના પતિ અને દિયર શારીરિક માનસિક ત્રાસ આપતા હોવાની માલવિયા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બંનેની ધરપકડ કરવા કવાયત આદરી છે.

બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર, કાલાવડ રોડ પર માવતરે આવેલી એક પરિણીતાએ તેમની ફરીયાદમાં પતિ હિતેશ ટીકમભાઇ માંડલીયા અને દિયર નિલેશ ટીકમભાઇ સામે માલવીયા પોલીસ મથકમાં ત્રાસ અંગે ફરીયાદ નોંધાવી હતી. પરિણીતાએ ફરીયાદમાં જણાવ્યું હતું કે, પોતે હાલ છેલ્લા પંદર દિવસથી માવતરે રહે છે. તેમના લગ્ન ૧૨ વર્ષ પહેલા જ્ઞાતિના રિતરીવાજ મુજબ થયા હતા.

આ લગ્નજીવન થકી તેમને સંતાનમાં બે બાળકો છે. લગ્ન બાદ તેઓ સહકુટુંબ સાથે રહેતા હતા. ત્યારબાદ દિયરના લગ્ન થયા હતા. લગ્ન બાદ પતિ દ્વારા નાની-નાની બાબતોમાં ત્રાસ આપવાનું ચાલુ કર્યું હતું. ત્યારબાદ દિયર નિલેશ જયારે પરિણીતા પોતાના ઘરે એકલી હોય ત્યારે હાથ પકડી બિભત્સ માંગણી કરતો હતો અને આવું અવાર નવાર બનતું પરંતુ પરિણીતા મુંગા મોઢે સહન કરતી અને આ સમગ્ર હકિકત તેમના પતિને કહેતા પતિએ કહ્યું કે આમા તારો જ વાંક છે તેજ દિયર કહેતો કે તું કોઇને વાત કરીશ તો હું તને કોઇ પણ રીતે બ્લેકમેઇલ કરીશ. ત્યારબાદ પતિએ એકવાર ધક્કો મારી પરિણીતાને ઘરમાંથી કાઢી મુકી હતી. બાદમાં માવતરે ફોન કરી અહીંથી લઇ જવાનું કહેતા તેઓ માવતરે લઇ ગયા હતા અને બાયકોને પતિએ રાખ્યા હતા. તેમજ આ પતિ અને દિયરે પરિણીતા સામે ખોટા આક્ષેપો પણ કર્યા હતા. આ પતિ અને દિયરને સમાધાન કરવું ન હોય જેથી અંતે પોલીસમાં ફરીયાદ કરી હતી.

# વિછીંયાના ગુન્હામા દોઢ વર્ષથી નાસ્તો ફરતો અલ્તાફ મહારાષ્ટ્રમાંથી ઝડપાયો

## રાજકોટ રૂરલ લોકલ ક્રાઇમ બ્રાન્ચે મહારાષ્ટ્રના કરાડમાંથી દબોચ્યો

રાજકોટ મિરર, તા.૯

રાજકોટ રેન્જના પોલીસ મહાનિરીક્ષક અશોકકુમાર યાદવ, રાજકોટ ગ્રામ્ય જીલ્લાના નાયબ પોલીસ મહાનીરીક્ષક જયપાલસિહ રાઠૌડ દ્વારા રાજકોટ ગ્રામ્ય જીલ્લામા નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સુચના અપાઈ હતી. જે અનુસંધાને એલ.સી.બી. શાખાના પો.ઇન્સ. વી.વી.ઓડેદરાના માર્ગદર્શન હેઠળ નાસતા ફરતા આરોપીની વોચ તપાસમા હતા તે દરમ્યાન એલ.સી.બી. શાખાના પો.કોન્સ. અબ્બાસભાઇ ભારમલને બાતમી મળી હતી કે, વિછીયા પો. સ્ટે.દારૂના ગુન્હામાં નાસતો ફરતો આરોપી અલ્તાફ રાજેશબ સમા (રહે.વાથર તા.કરાડ જી.સતારા રાજય મહારાષ્ટ્ર)વાળો મહારાષ્ટ્ર રાજયના કરાડ ખાતે હોવાની હકીકત આધારે મહારાષ્ટ્ર ખાતે તપાસ કરતા ત્યાંથી ખાતેથી હસ્તગત કરી આગળની કાર્યવાહી માટે વિછીંયા પો.સ્ટે.ખાતે સોંપ્યો છે. અલ્તાફને પકડવામાં રાજકોટ ગ્રામ્ય એલ.સી.બી. પીઆઈ વી.વી.ઓડેદરા, પીએસઆઈ એચ. સી.ગોહિલ, પીએસઆઈ પી.કે. રાવત (ધોરાજી સીટી પો.સ્ટે., એ.એસ.આઇ. બાલકૃષ્ણભાઇ ત્રિવેદી, એ.એસ.આઇ. અમિતસિંહ જાડેજા, એ.એસ.આઇ રોહિતભાઇ બકોત્રા, પો.હેડ.કોન્સ. જીતેન્દ્રભાઇ ગોહિલ, જમાદાર મથુરભાઇ વાસાણી, કોન્સ્ટેબલ અબ્બાસભાઇ ભારમલ, ભોજાભાઇ ત્રમટા, પ્રકાશભાઇ પરમાર,અબ્દુલભાઇ શેખ વિગેરે રોકાયા.

# માસુમ બાળકથી દરવાજો બંધ થઇ જતા અંતે દરવાજો તોડી કઢાયો બહાર : રાહત

## માતા કચરો નાખવા ગઈ ત્યારનો બનાવ : પાડોશીઓની મદદથી બાળકનો બચાવ



રાજકોટ મિરર, તા.૯

ઘણી વખત બાળકો વાલીઓને ધંધે લગાડતા હોય છે તેવી જ ગતના આજે શહેરના ધરમનગર કર્વાટરમાં બની જતા માતા હેરાન પરેશાન થઇ ગઇ હતી જો કે પાડોશીઓની મદદથી સમયસર ફાયરબ્રિગેડ ઘટના સ્થળે દોડી આવીને દરવાજો તોડીને બાળકને હેમખેમ બહાર કાઢતા પરિવારજનો સહીત સૌમાં રાહત ફેલાઈ હતી.

ધરમગર કવાર્ટરમાં ત્રીજા માળે કવાર્ટર નં ૯૫૪ માં રહેતા સચીનભાઇ દુબેનો ૧૪ મહિનાનો બાળક પાર્થ આજે બપોરે ઘરમાં સુતો હતો ત્યારે બાળકના માતા કચરો નાંખવા દરવાજો બંધ કરી બહાર ગયા હતા. દરમિયાન બાળક ઉઠી જતા દરવાજો અંદરથી રમતા રમતા બંધ કરી દેતા ફસાઇ ગયુ હતુ. માતા કચરો નાંખીને પરત આવતા દરવાજો અંદરથી પુત્રએ બંધ કરી લીધો હોવાની જાણ થઇ હતી અને બાળક રડવા લાગ્યો હોય જેથી માતાએ દેકારો કરતા પાડોશીઓ એકઠા થઇ ગયા હતા અને ફાયર બ્રિગેડને પણ જાણ કરવામાં આવી હતી. જો કે ફાયર બ્રિગેડનો સ્ટાફ પહોંચે તે પહેલા સ્થાનિક લોકોએ દરવાજો તોડી અંદરથી લોક ખોલી બાળકને બહાર કાઢી લીધો હતો.

# મોરબીમાં SMCના દરોડા બાદ જિલ્લાના ૭ PSI - ૧૧ કર્મચારીની બદલી

## ટંકારા હાઇપ્રોફાઇલ જુગાર ક્લબ અને કોલસા ચોરી સહિતના પ્રકરણમાં પોલીસની બેદરકારી છતી થતા

રાજકોટ મિરર, તા.૯

મોરબીમાં છેલ્લા ઘણા દિવસથી સ્ટેટમોનીટરીંગની ટીમ દ્વારા મોરબીમાં ધામા નાખવામાં આવ્યા છે પ્રથમ દિવસે જ્યારે ટંકારા પોલીસની જુગારની રેડ મામલે આવેલ સ્ટેટ મોનીટરીંગ ટીમે રિપોર્ટ તૈયાર કરી ઉચ્ચ પોલીસ તંત્રને સોંપતાં એક પીઆઈ અને એક હેડ કોન્સ્ટેબલ સસ્પેન્ડ થયા છે.

જ્યારે બીજી દિવસે મોરબીના ગાળા ગામ નજીક કોલસા ચોરી કૌભાંડ ઝડપી પાડી ૩.૫૭ કરોડના મુદ્દામાલ સાથે ૧૧ આરોપીને ઝડપી લેવાયા હતા જ્યારે ત્રીજા દિવસે મોરબી સિટી બી ડિવિઝન વિસ્તારમાં રહેણાંક મકાનમાં દરોડો પાડી બુટલેગરની સાત પેટી વિદેશી દારૂ સાથે ઝડપી લેવાયો હતો.જ્યારે સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમ દ્વારા કોલસા કૌભાંડ અને બુટલેગર પર દરોડો પાડવામાં આવતા સ્થાનિક પોલીસ પર મોરબી જિલ્લા પોલીસ વડા રાહુલ ત્રિપાઠી દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે.

સ્ટેટ મોનીટરીંગ ટીમની બેક ટુ બેક રેડને લઇને સ્થાનિક પોલીસની બેદરકારી સામે આવી છે.જેને બિલકુલ સાંખી નહિ લઇ જિલ્લા પોલીસ વડા રાહુલ ત્રિપાઠી લાલ ઘૂમ થયા છે. અને કુલ ૧૮ પોલીસકર્મીઓની બદલીઓ કરાઇ છે. જેમાં મોરબી તાલુકા અને મોરબી સિટી બી ડિવિજન પોલીસમથકમાં ફરજ બજાવતા પાંચ કોન્સ્ટેબલ, ત્રણ હેડ કોન્સ્ટેબલ, બે એ.એસ.આઇ અને એક લોકરક્ષક મળી કુલ ૧૮ પોલીસ કર્મચારીઓની બદલી કરાતા મોરબી જિલ્લા પોલીસ બેડામાં ખળભળાટ મચી ગયો છે. જિલ્લાના ૭ પીએસઆઇની પણ બદલી કરવામાં આવી છે.

જિલ્લાના ૭ પીએસઆઈની બદલી કરવામાં આવી છે. જેમાં ટંકારા પીએસઆઈ એમ. જે.ધાંધલની હળવદ, સિટી એ ડિવિઝનના પી.આર. સોનારાની એલઆઈબી મોરબી, એલઆઈબી મોરબીના જે.એલ.ઝાલાની વાંકાનેર સિટી, વાંકાનેર સિટીના ડી.વી.કાનાણીની હળવદ, એસસીએસટી સેલના કે.એચ.અંબારિયાની હળવદ, સિટી એ ડિવિઝનના બી.એ.ગઢવીની સિટી બી ડિવિઝન, આઈયુસીએડબ્લ્યુ એસ.વી.સામાણીની સિટી બી ડિવિઝનમાં બદલી કરાઈ છે.

બીજી તરફ ૧૧ પોલીસ કર્મીઓની બદલી કરાઈ છે. જેમાં મોરબી તાલુકાના હેડ કોન્સ્ટેબલ વિજયકુમાર સુખાભાઈ ડાંગરની વાંકાનેર તાલુકા, હેડ કોન્સ્ટેબલ જનકસિંહ બટુકભા પરમારની વાંકાનેર સિટી, કોન્સ્ટેબલ કિશોરકુમાર મુળજીભાઈ દાવાની ટંકારા, વનરાજભાઈ કાનાભાઈ ચૌહાણની હળવદ, રવિરાજ શક્તિસિંહ પરમારની માળિયા મિયાણા, મયુર જલાભાઈ ચાવડાની હળવદ, વિજયકુમાર દેવદાનભાઈ સવસેટાની વાંકાનેર સિટી, લકીરાજ ચંદુલાલ લોખીલની હેડ ક્વાર્ટર, મોરબી સિટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનના એએસઆઈ પ્રફુલકુમાર જેઠાભાઈ પરમારની વાંકાનેર સિટી, અશોક રત્નાભાઈ શારદિયાબી ટંકારા તથા હેડ કોન્સ્ટેબલ વિજયભાઈ પરબતભાઈ ચાવડાની હળવદ બદલી કરાઈ છે.

### ચાર મહિના પહેલા મળેલા બે છોડ ગાંજાના હોવાનો રીપોર્ટ આવતા

# વડ-વાજડીના ધરમનાથના આશ્રમના મહંત ધરમનાથ ધામેલિયાની ધરપકડ

## ચાર માસ બાદ ગુનો નોંધાતા કરાઈ ધરપકડ : રિમાન્ડ પર લેવા તજવીજ





રાજકોટ મિરર, તા. ૯

કોટના મહિલા કોલેજ અંડર બ્રિજમાં ચાર માસ પૂર્વે આંતક મચાવનાર કહેવાતા મહંત યોગી ધરમનાથ ઉર્ફે જીજ્ઞોશ નવીનચંદ્ર ધામેલિયાના વાગુદળ જવાના રસ્તે વડ-વાજડી ગામની સીમમાં આવેલા આશ્રમમાં મળેલા બે છોડ ગાંજાના હોવાનો રીપોર્ટ આવતા આ મામલે મેટોડા પોલીસમાં મહંત સામે રૂ૬૪૯૦૦ની કિમતનનો ૬ કિલો ૪૯૦ ગ્રામ ગાંજા અંગે ગુનો નોંધી મહંતની ધરપકડ કરી તપાસ શરુ કરી છે. રિમાન્ડ પર લેવા પણ તજવીજ ચાલતી હોવાનું જાણવા મળ્યું છે.

૨ માસ પૂર્વે ગત તા ૩/૯/૨૦૨૪ના રોજ કાલાવડ રોડ ઉપર આતંક મચાવનાર કહેવાતા મહંત અને તેના કહેવાતા ત્રણ શિષ્યો વિરૂધ્ધ રાજકોટ એ ડીવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાયા બાદ ગ્રામ્ય એસઓજીના પીઆઈ પારગી અને પીએસઆઈ બી.સી.મિયાત્રા અને તેમની ટીમે મહંત યોગી ધરમનાથ ઉર્ફે જીજ્ઞોશ ધામેલિયાના વડ-વાજડી ગામની સીમમાં સરકારી ખરાબાની જમીનમાં દબાણ કરી બનાવી લીધેલા આશ્રમમાં એફએસએલ અધિકારી અને સરકારી પંચોને લઈને ગત તા ૪/૯/૨૦૨૪ના રોજ દરોડો પાડ્યો હતો.

જેમાં તપાસ કરતાં બે છોડ મળી આવ્યા હતાં. આ બંને છોડ ગાંજાના જ છે કેમ તે જાણવા માટે ગાંધીનગર એફએસએલમાં પૃથક્કરણ અર્થે મોકલાયેલ છોડ ગાંજાના હોવાનો રીપોર્ટ આવતા આ મામલે એનડીપીએસની કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. અને મહંતની ધરપકડ પણ કરાઈ છે. અત્રે એ નોંધનીય છે કે, એસઓજીએ જે તે વખતે રૂ.૬૪૯૦૦ની કીમતનો ૬ કિલો ૪૯૦ ગ્રામ ગાંજો કબજે કર્યો હતો.

# ટ્રેક્ટરે સ્કૂટરને ઉલાળતા જેતપુરના આશાવર્કરનું મોત

## વીરપુર નજીકના ગોંડલ તાલુકાના ચરખડી ગામ પાસે બન્યો બનાવ



રાજકોટ મિરર, તા.૯

ગોંડલ તાલુકાના ચરખડી ગામ નજીક આવેલ પાણીના ટાંકા પાસે એક્ટિવા અને ટ્રેકટર વચ્ચે ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી છે જેમાં જેતપુર આંગણવાડીમાં ફરજ બજાવતી મહિલાનું મોત નીપજ્યું હતું અને ટ્રેક્ટર ચાલકને ઇજા થવા પામી હતી.રેતી ભરેલ ટ્રેકટર અકસ્માત બાદ પલ્ટી ગયું હતું.

રવિવાર હોવાથી આંગણવાડીમાં આશાવર્કર તરીકે ફરજ બજાવતા ૫૦ વર્ષીય સલમાબેન માડકીયા ધોરાજી રોડ પર ચામુંડા નગરમાં આવેલ આંગણવાડીમાં એક્ટિવા લઈ ફરજ પર જઈ રહ્યા હતા.ત્યારે સવારે નવ વાગ્યાની આસપાસ રેતી ભરેલ ટ્રેકટર અને એક્ટિવા વચ્ચે અકસ્માત સર્જાયો હતો ટ્રેકટર પાછળની ટ્રોલીએ એક્ટિવાને હડફેટે લીધું હતું જ્યારે અકસ્માત બાદ રેતી ભરેલ ટ્રેકટર પલ્ટી મારી ગયુ હતું. અકસ્માતના કારણે મહિલાનું ઘટના સ્થળેજ મોત નીપજ્યું જયારે ટ્રેકટર ચાલક મોહનભાઈ ભૂરાભાઈ મારવાડીને ઇજા થવા પામી છે. અકસ્માત બાદ ઈજાગ્રસ્ત અને મૃતક મહિલાને વીરપુર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. મૃતક સલમાબેનના પરિવારમાં તેઓ પતિ પત્ની જ હતા પત્નીનું મોત થતા ખેત મજૂરી કરતા પતિ ભાંગી પડ્યા હતા પરિવારમાં ભારે શોકની લાગણી પ્રસરી જવા પામી હતી. લ આ અકસ્માતની સમગ્ર મામલે ગોંડલ તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

# શાપર વેરાવળનો પોક્સોનો આરોપી ફરાર જાહેર



રાજકોટ મિરર, તા.૯

શાપર વેરાવળ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પોક્સોના ગુનાના આરોપીને સ્પે. પોક્સો કોર્ટ (સેશન્સ કોર્ટ ગોંડલ) દ્વારા ફરાર જાહેર કરવામાં આવ્યો છે.

રાજકોટ ગ્રામ્ય લોકલ ક્રાઇમ બ્રાંચની યાદીમાં જણાવાયા પ્રમાણે, શાપર વેરાવળમાં શાંતિધામ ગેટ-૨ પાસે રહેતા અને મૂળ ઉત્તર પ્રદેશના મહરૌલીના જીગર પ્રકાશભાઈ યાદવ સામે આઈ.પી.સી.ની કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬ (એન.), ૩૭૬ (૩) તથા પોક્સો એક્ટ-૬ વગેરે મુજબ ગુનો નોંધાયેલો છે. આરોપી સ્પે. પોક્સો કોર્ટ (સેશન્સ કોર્ટ ગોંડલ)માંથી જામીન પર છૂટ્યા બાદ અવારનવાર સમન્સ વોરંટ કાઢવા છતાં હાજર રહેતો નથી. આથી નામદાન કોર્ટ દ્વારા આરોપીને ફરાર જાહેર કરવામાં આવ્યો છે.

# રાજ્યના ૨૫ IPS અધિકારીઓની સાગમટે બદલી

## રાજકોટ જીલ્લા પોલીસ વડા તરીકે હિમકરસિંહ : અમદાવાદમાં સેક્ટર ૨ની ખાલી પડેલી જગ્યા પર રાજકોટ રૂરલના ઇન્ચાર્જ ડીઆઇજી જયપાલસિંહ રાઠોડને મુકાયા


આઈ.પી.એસ.હિંમકરસિંઘ


આઈ.પી.એસ. જ્યપાલસિંહ રાઠોડ


આઈ.પી.એસ. વિધી ચૌધરી


આઈ.પી.એસ. સુધીર દેસાઈ

રાજકોટ મિરર, અમદાવાદ તા.૯

રાજ્ય સરકાર દ્વારા આજે મોડી સાંજે રાજ્યના ૨૫ આઈપીએસ અધિકારીઓની સાગમટે બદલી કરી હતી. લાંબા સમયથી ફરજ બજાવતા સીનીયર આઈપીએસ શમશેરસિંઘની સારી જગ્યાએ પોસ્ટીંગની સેવાતી આશા ફળી ન હોય તેમ તેઓને એન્ટી કરપ્શન બ્યુરોમાં તે જગ્યા પર યથાવત રખાયા છે. જ્યારે તેમનો કાયદા અને વ્યવસ્થા વિભાગનો હવાલો રાજકુમાર પાંડિયનને સોંપવામાં આવ્યો છે.

બદલીના ચીપાયેલા ગંજીફામાં જાણવા મળેલી વિગતો મુજબ અમદાવાદ શહેરના ત્રણ આઈપીએસ અધિકારીઓની બહાર બદલી કરાઈ છે જ્યારે કેટલાક અધિકારીઓને વેઈટિંગ ફોર પોસ્ટિંગ રકયા છે. ખાસ કરીને અમદાવાદ શહેરમાં આઠ મહિનાથી ખાલી પડેલી અને ઇન્ચાર્જથી ચલાવાતી સેક્ટર-૨ની જગ્યા ભરાઈ ગઈ છે. અમદાવાદ શહેરના ઝોન ૧ અને ઝોન ૨ ડીસીપીની બદલી કરાઈ છે. અમદાવાદ શહેરમાં બદલી થયેલા બીજા ઈંક્જ અધિકારીને વેઈટિંગ ફોર પોસ્ટિંગ રખાયા છે. અમદાવાદ શહેરમાંથી ઝોન ૧ ડીસીપી હિમાંશું વર્મા અને ઝોન ૨ શ્રીપાલ શેસમાની બદલી કરાઈ છે. જ્યારે અમદાવાદ શહેરના કંટ્રોલ ડીસીપી કોમલ વ્યાસની પણ બદલી કરવામાં આવી છે. અમદાવાદ શહેરમાં સ્પેશિયલ બ્રાન્ચના એડિશનલ ડીજીપી અજય ચૌધરીની વુમન સેલમાં બદલી કરવામાં આવી છે. જ્યારે તેમનો ચાર્જ વિધિ ચૌધરીને સોંપવામાં આવ્યો છે. અમરેલી જિલ્લાના ડીએસપી હિમકરસિંહની બદલી રાજકોટ જીલ્લા પોલીસ વડા રહીકે મૂકાયા છે. જ્યારે અમરેલીમાં એસ.પી.તરીકે સંજય ખારટને ફરજ સોંપવામાં આવી છે. ટીઆરપી અગ્નિકાંડમાં સાઈડ લાઈન થઇ ગયેલા બે વિધિ ચૌધરી અને સુધીર દેસાઈની બદલી કરીને લાંબા સમયથી પોસ્ટીંગ વિના સમય ગાળવો પડ્યો હતો. હવે આ બંને અધિકારીઓનું વિધિવત પોસ્ટીંગ જાહેર થયું છે. જેમાં જેમાં સુધિર દેસાઈને આઇબીમાં અને વિધિ ચૌધરીને અમદાવાદમાં સ્પેશિયલ બ્રાન્ચ અને એડમિનનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે.


અત્યારે એ ઉલ્લેખનીય છે કે આજે સોમવારે ૨૫ આઈપીએસ અધિકારીઓની બદલી કરાઈ છે, જ્યારે ટૂંક સમયમાં વધુ એક બદલીનો બીજો રાઉન્ડ જાહેર થાય તેવી સંભાવના પ્રબળ મનાય છે અને કહેવાય છે કે બદલીના દૌરમાં સૌરાષ્ટ્રમાં ફરજ બજાવતા એટલેકે રાજકોટ શહેરમાં ફરજ બજાવતા ૩ સહિત સૌરાષ્ટ્રના સોમનાથ, જૂનાગઢ, મોરબી અને પોરબંદર જિલ્લા પોલીસવડા તરીકે ફરજ બજાવતા અધિકારીઓની બદલીઓ થવાની સંભાવના પણ જાણકાર વર્તુળોમાં મનાઈ રહી છે.

# ગોંડલમાં પતિની પ્રેમિકાની હત્યા કરનાર પત્ની ઝડપાઈ

## પ્રેમીને મળવા ગયેલી કોઠારિયાની મહિલાની કરાઈ'તી હત્યા : પોલીસમાં સામેથી હાજર થઇ

રાજકોટ મિરર, તા.૯

રાજકોટનાં કોઠારીયા રણુજા મંદિર પાસે રહેતી જલ્પા ગીરધરભાઇ ભાલીયા (ઉ.૨૪) રાજકોટથી ગોંડલ તેના પ્રેમી કિશન હાડાને મળવા આવી હતી. કિશને વાછરા રોડ સ્કુલ સામે આવેલી ધીરુભાઈ ઠુંમરની વાડી ભાગમાં વાવવા રાખી હોય, જ્યાં જલ્પા બપોરનાં ત્રણનાં સુમારે પહોંચી હતી. આ દરમ્યાન કિશનની પત્નિ જીજ્ઞાબેનને પતિનાં પ્રેમ પ્રકરણની જાણ હોય જલ્પાને જોઇને ઉશ્કેરાઇ ગઇ હતી. અને રોડ પર બન્ને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઇ હતી. આ વેળા ઉશ્કેરાયેલા જીજ્ઞાએ વાડીમાંથી પાવડો ઉપાડી જલ્પાનાં માથા પર આડેધડ ઘા કરતા લોહીલુહાણ હાલતમાં ઢળી પડી હતી. માથામાં ગંભીર ઇજાઓને કારણે તેનું મોત નિપજ્યું હતું. પળવારમાં બનેલી ઘટનાથી કિશન અને તેનો પરિવાર હેબતાઇ ગયો હતો. બાદમાં કિશનનાં પિતાએ પોલીસમાં જાણ કરતા એ-ડિવિઝન પોલીસનાં પીઆઇ. આનંદ ડામોર




અને પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. બીજી બાજી પતિની પ્રેમિકાનું ઢીમ ઢાળી દઇ જીજ્ઞાબેન પોલીસ સ્ટેશન પહોંચી હતી.

પોલીસ સુત્રો અનુસાર મૃતક જલ્પા અને પરણીત કિશનને ઈન્ટ્રાગ્રામ દ્વારા પરીચય થયા બાદ પ્રેમસંબંધ બંધાયો હતો.બન્ને પ્રેમી પંખીડા થોડા સમય પહેલા નાશી છુટયા હતા. પણ પોલીસ ફરિયાદ થતા ગોંડલ પોલીસે જડપી લીધા હતા. ત્યારબાદ પણ બન્ને વચ્ચે પ્રેમ સબંધ ચાલુ રહ્યો હતો. આ પહેલા જલ્પાનાં લગ્ન સરધાર પાસેનાં લોધીડા ગામે ઉમેશ રાયધનભાઇ મેર સાથે થયા હતા, પણ પતિ-પત્નિ વચ્ચે મનમેળ ના હોય જલ્પા રીસામણે માવતર આવતી રહી હતી. તે પછી સમાધાન થયુ હતુ. પણ ફરી મનદુઃખ થતા આખરે બન્ને વચ્ચે છુટાછેડા થયા હતા. જલ્પાને ઉમેશ સાથેનાં લગ્નજીવનથી એક પુત્ર છે. જે હાલ પતિ પાસે છે. જલ્પા ગોંડલમાં પણ ઓરડી ભાડે રાખી થોડો સમય રોકાઇ હતી. એ સમયે પેટ્રોલ પંપમાં નોકરી કરતી હતી. હાલ ત્રણેક મહીનાથી તેની માતા સાથે રહેતી હતી. આજે સવારે ગોંડલ ચોકડીએ કામ છે, તેવુ તેની માતાને કહી જલ્પા ઘરેથી નિકળી હતી. અને ગોંડલ પંહોચી હતી.

આ દરમિયાન બપોરે પ્રેમીને મળવા વાડીએ પંહોચતા પ્રેમીની કાળજાળ બનેલી પત્નીએ પાવડાનાં ઘા મારી હત્યા નિપજાવી હતી. પોલીસે બનાવ અંગે મૃતક જલ્પાની માતાને બનાવ અંગે જાણ કરતા રાજકોટ થી તેની માતા અને ભાઇ ગોંડલ દોડી આવ્યા હતા. પોલીસે જીજ્ઞાની અટક કરી પુછતાછ શરુ કરી છે.

# મિત્રની સગીર પુત્રીને હવસનો શિકાર બનાવનાર વિધર્મી શખ્સની જામીન અરજી નામંજૂર

રાજકોટ મિરર, તા.૯

હેરમાં ધો.૯માં અભ્યાસ કરતી મિત્રની સગીર પુત્રી ઉપર દુષ્કર્મ આચરવાના ગુનામાં વીધર્મી પરિણીત શખ્સની રેગ્યુલર જામીન અરજી અદાલતે નામંજૂર કરતો હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ રાજકોટમાં ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલા ભારતીગરમાં રહેતા રફીક સૈયદભાઈ આરબ નામના શખ્સે મિત્ર સાથે એક બીજાના ઘરે આવવા જવાના સબંધનો લાભ લઈ મિત્રના ઘરે સ્કુટરની ચાવી ભૂલી ગયો હોવાનું કહી ચાવી આપી જવાનું કહ્યું હતું. જેથી મિત્રની ધો.૯માં અભ્યાસ કરતી સગીરા રફીક આરબના ઘરે ચાવી દેવા માટે ગઈ હતી. ત્યારે રફીક આરબની દાનત બગડતા સગીરાને મોઢે ડૂચો આપી તેણીની મરજી વિરુદ્ધ શરીર સબંધ બાંધ્યો હતો. જે ઘટના અંગે સગીરાએ પોતાના માતા-પિતાને આપવીતી વર્ણવતા ખળભળાટ મચી ગયો હતો. આ અંગે ભોગ બનનાર સગીરાએ ગત તા.૧૧-૪-૨૦૨૩ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે આરોપી રફીક આરબની ધરપકડ કરી જેલ હવાલે કર્યો હતો. આરોપી વિરુદ્ધ ગુનાને લગતો પૂરતો પુરાવો મળી આવતા તપાસ અધિકારીએ પોક્સો અદાલતમાં ચાર્જશીટ દાખલ કર્યું હતું. ચાર્જશીટ થયા બાદ આરોપીએ જેલ મુક્ત થવા રેગ્યુલર જામીન અરજી દાખલ કરી હતી.

જે જામીન અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજુઆત બાદ સરકાર પક્ષે સરકારી વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઇ સેશન્સ જજ પી.જે. તમાકુવાળાએ આરોપી રફીક સૈયદભાઈ આરબની ચાર્જશીટ પછીની રેગ્યુલર જામીન અરજી રદ કરતો હુકમ કર્યો છે.આ કામમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાયા હતાં.

# જેતપુરના પેઢલાના નામચીન હિસ્ટ્રીશીટરની રાજકોટમાં હત્યા

## પ્રેમ સંબંધ મુદે થયેલી બબાલ બાદ મુકેશ અરજણ ગુજરાતી ને પત્નીના પ્રેમી એ પતાવી દીધો

રાજકોટ મિરર, તા.૯

રાજકોટ શહેર જેટ ગતિએ ક્રાઈમ નગરી તરીકે ઉપસી રહ્યું છે અહીં ચાલતા ચાલતા ખૂના મરકીના બનાવો બની રહ્યા છે. ક્યાંક ને ક્યાંક પોલીસ તંત્ર વામણું સાબિત થતું હોવાના આક્ષેપો હવે મજબૂત બની ગયા છે. આવી વાતની સાબિતી થતી હોય તેમ આજે ૮૦ ફૂટ રોડ પર અમુલ સર્કલ પાસે જેતપુરના પેઢલા ગામના અને હાલના દિવસોમાં શહેરના ૮૦ ફૂટ રોડ ઉપર ફૂટપાથ પર એકલવાયું જીવન ગુજારતા પરિણીત એક નામચીન હિસ્ટ્રીસિટરની પ્રેમ સંબંધ મુદે, પત્નીના પ્રેમી એ જ હત્યા કરી નાસી છૂટતા બનાવ સ્થળે થોરાળા પોલીસ સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓ દોડી ગયા હતા. પોલીસે મૃતકની લાશને પીએમ માટે સિવિલ હોસ્પિટલે ખસેડી હત્યામાં સંડોવાયેલા શખ્સની શોધખોળ આદરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ જેતપુર તાલુકાના પેઢલા ગામે રહેતા અને ભૂતકાળમાં દારૂ, ખૂન કેસ તેમજ લુટના ગુનામાં સંડોવાઈ ચૂકેલા, હાલ શહેરના એસી ફૂટ રોડ ઉપર ફૂટપાથ પર એકલવાયું જીવન ગુજારતા




નામચીન હિસ્ટ્રી મુકેશ અરજણ ગુજરાતી ઉ.૪૦ની આજે રાજકોટમાં રાત્રિના ૮૦ ફુટ રોડ ઉપર આવેલા અમુલ સર્કલ પાસે કોઈ અજાણ્યા શખ્સે કરપીણ હત્યા કરી હતી. બનાવને અંજામ આપીને અજાણ્યો શખ્સ અંધારામાં ઓગળી ગયો હતો. બનાવની જાણ થતા ડીસીપી ઝોન - ૨ જગદીશ બાંગારવા, ક્રાઈમ બ્રાન્ચ, એલસીબી સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો ઘટના સ્થળે પહોંચીને મૃતકની લાશને પીએમ માટે સિવિલ હોસ્પિટલે ખસેડી હતી.

બીજી બાજુ જાણકાર વર્તુળોમાં થતી ચર્ચાઓ મુજબ મુકેશની પત્નીને સંજય નામના ગોંડલ પંથકના કોઈ રીક્ષા ચાલક સાથે પ્રેમ સંબંધ હોય આ બાબતે બંને વચ્ચે અવારનવાર ઝઘડાઓ થતા હતા. અને કહેવાય છે કે મુકેશ ની પત્ની અવારનવાર સંજયને મળતી હતી. જે બાબતે આજે રાજકોટમાં થયેલી બબાલ હત્યા સુધી પહોંચી ગઈ હતી.

મતલબ કે પત્નીના પ્રેમીએજ પતિની હત્યા કરી હોવાની ઘટનાથી સાર્વત્રિક ચર્ચાઓએ જોર પકડ્યું છે. જોકે આ બાબતે હજુ પોલીસે આ વાતને સમર્થન આપ્યું નથી અને તપાસ ચાલુ હોવાની કેસેટ વગાડી છે. એ સિવાય પીએમ રૂમમાં મૃતકના ફોટા પાડવા બાબતે પણ પોલીસે મનાઈ ફરમાવી હોવાનો કચવાટ સ્થાનિક પત્રકારોમાં સંભળાયો હતો.

# દારૂના ૪ દરોડામાં ૧.૩૯ લાખના મુદ્દામાલ સાથે મહિલા સહીત ૪ પકડાયા

## પકડાયેલા બુટલેગરોમાં મહિલાનો સમાવેશ : LCB ઝોન-૨, PCB અને DCB પોલીસના દરોડા













રાજકોટ મિરર, તા.૯

થર્ટી ફર્સ્ટ પુર્વે દારૂની હેરાફેરીને ડામવા માટે પોલીસે બુટલેગરો સામે બાજ નજર ટેકવી છે. રે એલસીબી ઝોન-૨ અને પીસીબીએ તેમજ ડીસીબીએ શહેરમાં ચાર સ્થળે દરોડા પાડી ૧.૩૯૨૫૮ના દારૂના જથ્થા સાથે એક મહિલા સહીત ૪ શખ્સોને ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

જાણવા મળતી વિગત મુજબ એલસીબી ઝોન-૨ના એએસઆઇ જે.વી.ગોહીલ, હેડ કોન્સ. આર.વી. ગોહીલ સહીતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો. દરમિયાન યુનિવર્સિટી રોડ પર ભગતસિંહ ગાર્ડન પાછળ હાઉસીંગ બોર્ડ કવાર્ટરમાં રહેતા રવિ ટેહલાણીએ પોતાના કવાર્ટરમાં દારૂનો જથ્થો છુપાવ્યો હોવાની બાતમીના આધારે દરોડો પાડી તલાશી લેતા કવાર્ટરમાં અંડરગ્રાઉન્ડ ટાંકામાં બનાવેલા ટાંકામાંથી વિદેશી દારૂની બોટલ નં.૫૭ (કિં.૩૨૫૦૫) મળી આવતા પોલીસે દારૂ કબ્જે કરી રવિ ભગવાનદાસ ટેહલાણીને ઝડપી પાડયો હતો. જયારે દારૂ આપનાર હર્ષ હેમતસિંહ રાજપુતનું નામ ખુલતા તેની શોધખોળ હાથ ધરી છે. બીજા દરોડામાં પીસીબીના પીએસઆઇ એમ. જે. હુણના માર્ગદર્શન હેઠળ હેડ કોન્સ. કુલદિપસિંહ સહીતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો. દરમિયાન મોરબી રોડ જકાતનાકા પાસે જય જવાન જય કિશાન સોસાયટી શેરી નં.૩માં દરોડો પાડી મકાનમાંથી વિદેશી દારૂની બોટલ નં.૧૨૦ (કિં.૬૭૩૨૦) સાથે આરોપી ભાવેશ મગનભાઇ મકવાણાને ઝડપી લીધો હતો. ત્રીજા દરોડામાં પીસીબીના સ્ટાફે કોઠારીયા રોડ પર મહેશ્વરી સોસાયટી શેરી નં.૨માં એજાદ હારૂનભાઇ આદમાણીના મકાનમાં દરોડો પાડી વિદેશી દારૂની બોટલ નં.૨૪ (કિં.૧૭૬૭૦) કબજે કરી આરોપી એજાદ આદમાણીની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. જયારે ચોથા દરોડામાં ડીસીબીના એએસઆઈ ઋષિરાજસિંહ જાડેજા, બળભદ્રસિંહ જાડેજા પો.કોન્સ., નીતાબેન ચાવડાએ સંયુક્ત રીતે બાતમીના આધારે શહેર વિસ્તારના ચુનારાવાડ શેરી નંબર-૩ રહેતા કમુ રાઠોડએ તેમની ઓરડીમાં વિદેશી દારૂની બોટલો રાખી છે તેવી હકીકત મળતા પોલીસે તે જગ્યાએ દરોડો

પાડતા પ્લાસ્ટિકની ડોલમાં વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની રૂ. ૭૨૫૮ની ૨૮ બોટલ પોલીસને હાથ લાગી હતી. આ દારૂનો જથ્થો કોનો છે ? તે બાબતે કમુએ કોઈ સંતોષકારક જવાબ નહિ આપતા પોલીસે તેમની સામે ગુનો નોંધી ધરપકડ કરી હતી. આ અંગે વધુ તપાસ એ.એસ.આઈ ચેતન ચાવડાએ હાથ ધરી છે.

### રાજ્યના પ્રવર્તમાન જંત્રીના દરમાં કરેલા અસહ્ય વધારા અંગે પ્રજાલક્ષી અભિગમ રાખવા કરી માંગ

# જંત્રીનો વધારો બન્યો માથાનો દુખાવો

## રાજકોટ, અમદાવાદ, વડોદરા અને સુરતના બિલ્ડરો ખૂબ મોટી સંખ્યામાં કલેકટરને પાઠવ્યું આવેદન

રાજકોટ, તા. ૯

સમગ્ર ગુજરાતમાં હાલ જંત્રીના ભાવને લઈને ઘણી વીટામણાઓ ઊભી થઈ છે એટલું જ નહીં રિયલ એસ્ટેટ સાથે સંકળાયેલા બિલ્ડરો અને આ ઉદ્યોગ સાથે જોડાયેલા અન્ય એસોસિએશન પણ જિલ્લા કલેકટર ને આવેદન પત્ર પાઠવી રહ્યા છે એટલું જ નહીં તેમની લાગણી છે અને માંગ પણ છે કે રાજ્યના હાલ પ્રવર્તમાન જંત્રીના દરમાં થયેલ અસઈયો વધારા અંગે સરકાર પ્રજાલક્ષી અભિગમ દાખવે. આ વાતની ગંભીરતાને ધ્યાને લઈ ગઈકાલે રાજકોટ બિલ્ડર એસોસિએશન અને તેની સાથે ૨૮૦ થી વધુ નાના મોટા ઉદ્યોગકારો અને કામદારો ખાસ મૌન રેલી યોજી કલેકટરને આવેદન આપવા આવી પહોંચ્યા હતા. મળતી માહિતી મુજબ બિલ્ડર એસોસિએશન નું માનવું છે કે શહેરી વિસ્તારોમાં સૌથી વધુ રોજગારીની તકોનું સર્જન થાય છે ત્યારે નાગરિકોને પાયાની જરૂરિયાત પૈકી સૌથી અગત્યની મકાનની જરૂરિયાત હોય છે ત્યારે રિયલ એસ્ટેટ રાજ્ય અને દેશનું ગ્રોથ એન્જિન છે. જેથી તે પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે તેનું ઝડપ વેર નિવારણ આવે તે ખૂબ જરૂરી છે.





રાજકોટ બિલ્ડર એસોસિએશન બાંધકામ વ્યવસાયના હેતુથી કાર્યરત છે ત્યારે શહેરના ૧૦૦૦ થી વધારે ડેવલોપર સભ્ય તરીકે નોંધાયેલા છે અને રાજ્ય સ્તરે વ્યવસાયિક સંસ્થા ક્રેડાઈ ગુજરાત સાથે પણ સંકલન ધરાવે છે. બિલ્ડર એસોસિએશનના જણાવ્યા અનુસાર રાજ્ય સરકાર દ્વારા થોડા દિવસો પૂર્વે જંત્રી દરમાં ધરખમ વધારો કર્યો હતો જે દર ૨૦૦% થી વધારી ૨૦૦૦% સુધી કરવામાં આવ્યો હતો અને આ વધારો તારીખ ૨૦ નવેમ્બરના રોજ સૂચિત જંત્રી મુજબ બહાર પાડવામાં આવી હતી. મળતી માહિતી મુજબ રાજ્યમાં આશરે ૪૦,૦૦૦ થી વધુ વેલ્યુ ઝોન છે અને આ જંત્રી ફરી તૈયાર કરવા માટે સરકાર દ્વારા પોતાની તમામ ટેકનિકલ ટીમ અને મશીનરીના સહયોગ હોવા છતાં ૧૮ માસનો સમય થયો હોવાનું જણાવ્યું હતું. બિલ્ડરોના જણાવ્યા અનુસાર આ અંગેના વાંધા રજૂ કરવા માટે ફક્ત ૩૦ દિવસનો સમય આપવામાં આવ્યો હોવાનું હાલ પ્રાથમિક તારણ બહાર આવ્યું છે જે ખરા અર્થમાં યોગ્ય છે.

રાજ્યના મોટાભાગના ખેડૂતોને સામાન્ય પ્રજાજનો આ અંગેની પ્રક્રિયાથી સહેજ પણ જાણતા નથી ત્યારે બિલ્ડર એસોસિએશન દ્વારા અનેક મુદ્દે જિલ્લા કલેકટરને રજૂઆત કરવામાં આવી હતી અને જણાવ્યું હતું કે તેમના દ્વારા આ રજૂઆત રાજ્ય સરકાર સુધી પહોંચાડવામાં આવે જેથી નજીકના ભવિષ્યમાં આ અંગે યોગ્ય નિર્ણય લઈ શકાય. કલેકટરને આપવામાં આવેલું આવેદન માત્ર રાજકોટ પૂરતું જ સીમિત નહીં પરંતુ રાજ્યના તમામ મહાનગરો માં આપવામાં આવ્યા હતા. હવે જોવાનું એ રહ્યું કે શું આ જંત્રીદારના મુદ્દે સરકાર ક્યું પગલું રહે છે કારણકે જો આ અંગે કોઈ યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે તો આની માઠી અસર ઉદ્યોગને જ પડશે સાથોસાથ સામાન્ય જનતાને પણ ઘણી ખરી અસર પહોંચશે જે અંગે સરકાર અને સ્થાનિક પ્રશાસને ધ્યાન કેન્દ્રિત કરવું ખૂબ જરૂરી અને આવશ્યક છે. બિલ્ડર એસોસિએશન સાથે સંકળાયેલા અન્ય એસોસિએશનને પણ કલેકટરને વિવિધ રજૂઆતો કરી હતી અને જણાવ્યું હતું કે ઘણા ખરા પ્રશ્નો છે જો તેનું નિવારણ આવશે તો જ આ ઉદ્યોગ બેઠો થઈ શકશે.

### કઈ વૈજ્ઞાનિક પદ્ધતિનો આધાર લેવામાં આવ્યો તે હજુ અસ્પષ્ટ

રાજ્ય સરકાર ના સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ હાલજે જંત્રીનો દર નક્કી કરવામાં આવ્યો છે તે માટે વૈજ્ઞાનિક પદ્ધતિ નો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનું માલુમ પડ્યું છે ત્યારે સમગ્ર રાજ્યના દરેક વિસ્તારોની સૂચિત જંત્રી જાહેર કરી અને પ્રકાશિત કરાય છે અને આ માટે વાંધા સૂચનો પણ માંગવામાં આવેલા છે પરંતુ જાણવા જેવી વાત તો એ છે કે આ વૈજ્ઞાનિક પદ્ધતિ માટે કયો આધાર લેવામાં આવ્યો છે તેનો હજુ કોઈ અંદાજો નથી. વધુમાં બિલ્ડરો જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટ દ્વારા અગાઉ આ મુદ્દે જે ચુકાદો આપવામાં આવ્યો તે ગાઈડ લાઈન નો પણ ભંગ થઈ રહ્યો હોય તો નવાઈ નહીં.

### સૂચિત જંત્રી દરથી સામાન્ય પ્રજા પર પડશે આર્થિક બોજો

બિલ્ડર એસોસિએશનના જણાવ્યા અનુસાર રાજ્ય સરકાર દ્વારા સૂચિત જંત્રી તૈયાર કરવામાં આવી છે તેનાથી સામાન્ય પ્રજા ઉપર આર્થિક ભારણ ખૂબ વધશે જે અંગે રાજ્ય સરકાર મુદ્દો નજર અંદાજ કરવામાં આવ્યો છે બીજી તરફ સૂચિત જંત્રીમાં દર્શાવેલ દરના કારણે નવી શરતની ખેતી જમીનને બિનખેતી કરતી વખતે ભરવા પાત્ર પ્રીમિયમની રકમમાં આવતા અસહ્ય વધારાના કારણે બિનખેતી થયેલ ખંડની કિંમતમાં તેમજ ભરવા પાત્ર સ્ટેમ્પ ડ્યુટીમાં પણ વધારો થવાથી સામાન્ય પ્રજા માટે તે બિનખેતી પ્લોટ ખરીદવો મુશ્કેલ બનશે.

### નવા પ્લાન પાસ કરતી વખતે પેઈડ FSIની રકમમાં આવશે મોટો વધારો

મળતી માહિતી મુજબ રાજ્ય સરકાર દ્વારા જે સૂચિત જંત્રીમાં દર્શાવેલ દરના કારણે નવા પ્લાન પાસ કરતી વખતે ભરવા પાત્ર પેઈડ એફએસઆઇ ની રકમમાં વધારો આવશે અને તેનો માર સામાન્ય પ્રજા ઉપર પણ પડશે જેમાં કોઈ શંકાને સ્થાન નથી. બીજી તરફ સૂચિત જંત્રીમાં જે દર દર્શાવવામાં આવ્યો છે તેમાં ભરવા પાત્ર સ્ટેમ્પ ડ્યુટીની રકમ તેમજ જીએસટીની રકમમાં પણ વધારો આવશે.

### વાંધા રજૂ કરવા માટે આપેલ સમય મર્યાદા અપૂરતી

કલેકટરને આવેદનપત્ર પાઠવતા બિલ્ડર એસોસિએશન એ જણાવ્યું હતું કે વાંધા રજુ કરવા માટે જે સમય મર્યાદા આપવામાં આવેલી છે તે અપૂર્તિ છે એટલું જ નહીં આથી સામાન્ય પ્રજાનું હેત જળવાઈ અને રાજ્યનો વિકાસ થાય તે મહત્વની બાબત સરકાર માટે હોવી જોઈએ પરંતુ હાલ જે સ્થિતિનું નિર્માણ થયું છે તેનાથી એ વાત સ્પષ્ટ છે કે આ નિર્ણયના પગલે હવે રાજ્યનો વિકાસ અટકી જાય તો નવાઈ નહીં. એક તરફ કેન્દ્ર સરકાર ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસની વાત કરે છે પરંતુ આ અત્યાર સુધી શક્ય નથી જ્યાં સુધી જંત્રીના ભાવ નિયંત્રિત રાખવામાં આવે. દરરોજ આ માટે વાંધા સુચન રજૂ કરવા અંગે ૩૧ માર્ચનો સમય નક્કી કર્યો છે જે ત્યાં સુધી અવધી વધારવામાં આવે તેવું જણાવવામાં આવ્યું છે.

### ટાઉન પ્લાનિંગ કરતી વખતે પ્રજાલક્ષી અભિગમ રાખવો જરૂરી

મળતી માહિતી મુજબ બિલ્ડર એસોસિએશન દ્વારા જે કલેક્ટરને આવેદન આપવામાં આવ્યું તેમાં ટાઉન પ્લાનિંગ વિભાગને પણ થોડા નિયમોમાં ફેરફાર કરવા જણાવ્યું છે એટલું જ નહીં મળતી માહિતી મુજબ ટાઉન પ્લાનિંગ કરતી વખતે પ્રજાલક્ષી અભિગમ રાખવો જણાવવામાં આવ્યું છે કારણ કે અત્યારે નવી યોજના બનાવવામાં આવે ત્યારે ૪૦% જમીનની કપાત કોઈપણ પ્રકારનું વળતર આપ્યા વગર કાપીને મુખ્ય ખંડની ફાળવણી કરી દેવામાં આવે છે અને ત્યારબાદ પણ આ ફાળવેલ ખંડમાંથી કોમન પ્લોટ અને બ્રોડ રસ્તા બાદ કરતાં બિલ્ડરના હિસ્સામાં માત્ર ૪૫ થી ૪૮% જ જમીન આવતી હોય છે જેની અસર જમીનની કિંમત ઉપર સીધી પડે છે. ત્યારે આ અંગે યોગ્ય નિર્ણય લેવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે.

### રાજકોટ મારી માતૃ ભૂમિ, જન્મ ભૂમિ, કર્મ ભૂમિ

# શહેરના વિકાસની ૧૦૦ ટકા ગેરંટીઃ તુષાર સુમેરા

**પ્રજાની સેવા કરવા સરકાર આપે છે પગાર માટે મારા દરવાજા પ્રજા માટે હર હંમેશ ખુલ્લા : ભૂતકાળને વાગોળવાના બદલે ભવિષ્યને સુંદર કેવી રીતે બનાવી શકાય તે દિશામાં હાથ ધરવામાં આવશે પગલાં**



રાજકોટ, તા. ૯

રાજકોટ મહાનગરપાલિકાની છબી સુધરે તે માટે રાજ્ય સરકાર દ્વારા અનેકવિધ પગલાંઓ લેવામાં આવી રહ્યા છે એટલું જ નહીં ટીઆરપી અગ્નિકાંડ બાદ રાજકોટ મહાનગરપાલિકા દરેક રીતે લોકોની અને તંત્રની નજરે ચડી ગયું છે વાત ટીઆરપી અગ્નિકાંડ બાદ પૂર્ણ થતી નથી કારણ કે ફાયર વિભાગના અધિકારી દ્વારા જે લાંચ પ્રકરણ સામે આવ્યું તેનાથી મનપાની ઈમેજ ને ઘણી માઠી અસર પહોંચી છે. અત્યાર સુધી આ કચેરીમાં કોઈપણ અધિકારી અથવા તો કર્મચારી કામ કરવા માટે સહેજ પણ તૈયાર થતા ન હતા કારણ કે તેમને ક્યાંકને ક્યાંક ડર સતાવતો હતો કે તેમના દ્વારા જો કંઈ પણ ઉચ્ચ નિત થઈ જશે તો ઘણા ખરાબ દિવસો જોવાના આવશે પરિણામ સ્વરૂપે હાલ મહાનગરપાલિકાના કોઈપણ અધિકારી કામ કરવા માટે તૈયાર થતા ન હતા અને પરિણામ સ્વરૂપે અનેકવિધ કામો હજુ અધરતાલ પડેલા છે.

તેવામાં તત્કાલીન મ્યુનિસિપલ કમિશનર દેવાંગ દેસાઈએ પણ એક માસની રજા પર ઉતરી જતા કામગીરીને લઈ ઘણા ખરા પ્રશ્નો ઊભા થયા હતા તેવામાં સરકાર દ્વારા નવા મ્યુનિસિપલ કમિશનર તરીકે તુષાર સુમેરાને મહાનગરપાલિકાની જવાબદારી સોપી છે જે માટે ગઈકાલે તેઓએ મ્યુનિસિપલ કમિશનર તરીકે પોતાનો ચાર્જ સંભાળી લીધો હતો. ચાર્જ સંભાળ્યા બાદ તેઓએ જણાવ્યું હતું કે તેમની પ્રાથમિકતા તે જ હશે કે રાજકોટના લોકોને માળખાગત સુવિધાઓ મળી રહે એટલું જ નહીં તેમની નીચે કામ કરતા જે અધિકારીઓ અને કર્મચારીઓ છે તેમનું પણ મોરલ ઓછુ આવે તે ખૂબ જરૂરી છે જે દિશામાં જ હાલ કામગીરી કરવામાં આવશે.

ભૂતકાળમાં બનેલી ઘટનાને વાગોળવા બદલે હવે નવું શું થઈ શકે તે હેતુસર ભવિષ્ય માટેની કામગીરી હાથ ધરવામાં આવશે તેવું નવા મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાયે જણાવ્યું હતું. રાજકોટ મહાનગરપાલિકાના ૩૪માં મ્યુનિ. કમિશનર તરીકે તુષાર સુમેરાએ પોતાનો પદભાર સંભાળી લીધો હતો. નવ નિયુક્ત મ્યુનિસિપલ કમિશનરે તમામ શાખાધિકારીઓ સાથે પરિચય બેઠક પણ યોજી હતી.મ્યુનિ. કમિશનર તુષાર સુમેરાએ જણાવ્યું હતું કે, રાજકોટ મહાનગરપાલિકા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા હોઈ તેનો સીધો સંપર્ક નાગરિકો સાથે રહે છે. લોકોને મહાનગરપાલિકાની વિવિધ સેવાઓ સારીરીતે પ્રાપ્ત થાય તે ખુબ જ જરૂરી છે. મ્યુનિ. કમિશનરએ વધુમાં પોતાના મંતવ્ય જણાવતા કહ્યું હતું કે, અર્બન ડેવલપમેન્ટ મારો મનગમતો વિષય છે. રાજકોટ એ Important City of India છે ત્યાં કમિશનર તરીકે ચાર્જ સંભાળ્યો છે. રાજકોટનું આ ઈમ્પોર્ટન્ટ જાળવી રાખીશું. વધુમાં તેઓએ પોતાના વિશે જણાવતા કહ્યું હતું કે, રાજકોટ આવેલો ત્યારે સર્કિટ હાઉસથી કોર્પોરેશન તરફ આવતા મને મારી શાળા વચ્ચે આવી. જોઈને આનંદ થયો. વધુમાં તેઓએ જણાવ્યું કે મારી જાતને નશીબદાર માનું છું કે, જ્યાં ભણ્યો ત્યાં જ કમિશનર તરીકે કામગીરી કરવાનો મોકો મળ્યો.

રાજકોટ શહેરમાં જે કોઈ પણ ઇસ્યુ ચાલી રહ્યા છે તેના વિશે ઊંડાણપૂર્વક અભ્યાસ કરીશું અને તેના નિરાકરણ કરવાની સૌ સાથે મળીને કોશિશ કરીશું. મ્યુનિસિપલ કમિશનરે શાખાઅધિકારીઓ સાથેની મીટિંગ કહ્યું હતું કે, હું ખુબ એનર્જી અને ક્લીયર વિઝન સાથે રાજકોટમાં આવ્યો છું. આપણે બધા સાથે મળીને શહેર માટે કામગીરી કરીશું. રાજકોટ એ ઐતિહાસિક સિટી છે તેને આપણું સમજીને કામગીરી કરીશું. રાજકોટ મારી માતૃ ભૂમિ, જન્મ ભૂમિ, કર્મ ભૂમિ છે અહી કામ કરવું મારી જાતને નશીબદાર સમજુ છું.



### મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ૧૩ ડિસેમ્બરના રોજ રાજકોટના આંગણે

# CMના હસ્તે ૭૯૩ કરોડના વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ-ખાતમુહુર્ત કાર્યક્રમ

## આવાસ ફાળવણી સહિત ટ્રાફિક સમસ્યાને નિવારવા નવી બસો આવશે મૂકવામાં

તરાજકોટ, તા. ૯

રાજકોટ મહાનગરપાલિકાના રૂ.૭૯૩.૪૫ કરોડના વિવિધ વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ-ખાતમુહૂર્ત ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે યોજાશે. મુખ્યમંત્રી ૧૩ ડિસેમ્બરના રોજ રાજકોટની મુલાકાતે આવી રહ્યા છે ત્યારે તેમના વરદ હસ્તે અનેકવિધ પ્રોજેક્ટને માટે ખુલ્લા મુકવામાં આવશે. જે માટે

પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત નિર્માણાધિન ૧.૫ ઇઇઊં ના ૧૦૧૦ આવાસ તેમજ રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળના ઊઠજ-૨ કેટેગરીના ખાલી ૨૧૦ આવાસ યોજનાના લાભાર્થીઓને આવાસ ફાળવણીનો કોમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો કરવામાં આવશે.શહેરી ટ્રાન્સપોર્ટેશનમાં ૨૨ નવી સી.એન.જી. ફ્યુઅલ આધારિત બસ તથા ડ્રેનેજ વિભાગના ઉપયોગ માટે નવા ખરીદ કરવામાં આવેલ ૭ નંગ જેટીંગ મશીન વાહનોનું લોકાર્પણ (ફ્લેગ ઑફ) પણ આ કાર્યક્રમમાં કરવામાં આવશે.

રાજકોટ મહાનગરપાલિકાના વિવિધ વિકાસ પ્રકલ્પો પૈકી રૂ.૫૬૯.૧૯ કરોડના ૪ પ્રકલ્પોના લોકાર્પણ તથા રૂ.૨૨૪.૨૬ કરોડના જુદા જુદા ૫૬ પ્રકલ્પોના ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ સમગ્ર કાર્યક્રમ ૧૩ ડિસેમ્બરના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે વોર્ડ નં.૨માં આવેલ રેસકોર્ષ ગ્રાઉન્ડ, રાજકોટ ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયર નયનાબેન પેઢડીયા ઉપસ્થિત રહેશે.

વિવિધ વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ-ખાતમુહૂર્ત, આવાસ ફાળવણીનો કોમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો અંગેની વિગતો બહાર પાડવામાં આવી છે જેમાં કુલ ૫૬૯ કરોડના લોકાર્પણ ના કામો હાથ ધરાશે સાથોસાથ ભારત સરકારની સ્માર્ટ સિટી યોજના અંતર્ગત ટી.પી. સ્કીમ નં.૩૨(રૈયા) વિસ્તારમાં અઇઉ હેઠળ નિર્માણ કરવામાં આવેલ રોબસ્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચરના કામો કુલ રૂ.૫૬૫.૧૧ કરોડના ખર્ચે મૂકવામાં આવશે જેમાં રોડ નેટવર્ક, વોટર સપ્લાય તથા રી-સાઈકલ્ડ વોટર સપ્લાય સિસ્ટમ, સિવરેજ સિસ્ટમ, સ્ટોર્મ વોટર ડ્રેનેજ સિસ્ટમ, સ્માર્ટ સ્ટ્રીટ લાઈટીંગ, પાવર કેબલ માટે યુટીલીટી ડક્ટસ, સાઈકલ ટ્રેક, ફૂટપાથ વગેરેનો સમાવેશ થાય છે. બીજી તરફ સિટી બસ સેવામાં નવા રૂટ શરૂ કરવા તેમજ ટ્રાફિકવાળા રૂટમાં વધારાની બસ શરૂ કરવા એમ કુલ ૨૨ નવી સી.એન.જી. ફ્યુઅલ આધારિત બસ શરૂ કરવા ફ્લેગ ઑફ કરાશે . ડ્રેનેજ વિભાગના ઉપયોગ માટે ૮૦૦૦ લિ.કેપેસિટીના નવા ખરીદ કરવામાં આવેલ ૭ નંગ જેટીંગ મશીન વાહનોનું લોકાર્પણ રૂ.૩.૭૩ કરોડના ખર્ચે કરવામાં આવશે.

લોકાર્પણની સાથો સાથ કુલ ૨૨૪ કરોડના ખર્ચે ખાતમુહૂર્તના પણ કાર્યો હાથ ધરાશે જેમાં બાંધકામ વિભાગને લગત કામો કુલ ૨૬ કામ, રકમ રૂ.૬૭.૭૬ કરોડના ખર્ચે , ડ્રેનેજ નેટવર્કને લગતા કુલ ૭ કામો રૂ.૪૪.૫૦ કરોડના ખર્ચે વોટર વર્કસ નેટવર્કને લગતા કુલ ૬ કામો રૂ.૨૩.૮૪ કરોડના ખર્ચે રોડ-ડામર કામ તથા ડીવાઈડર-સેન્ટ્રલ લાઈટીંગ લગતા કુલ ૧૫ કામ રૂ.૮૩.૩૮ કરોડના ખર્ચે એવીજ રીતે સાધન ખરીદી માટેના કુલ ૨ કામ રૂ.૪.૭૮ કરોડના ખર્ચે હાથ ધરાશે.

આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના કેબિનેટ મંત્રી અને રાજકોટના પ્રભારી મંત્રી માન. રાઘવજીભાઈ પટેલ, કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા, સાંસદ પરસોતમભાઈ રૂપાલા, સાંસદ રામભાઈ મોકરીયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ડો.દર્શિતા શાહ, રમેશભાઈ ટીલાળા, ગુજરાત પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો.ભરતભાઈ બોઘરા, ગુજરાત પ્રદેશ ભાજપના મંત્રી બિનાબેન આચાર્ય, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, રાજકોટ શહેર ભાજપ મહામંત્રી અશ્વિનભાઈ મોલિયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, શાસકપક્ષ દંડક મનીષભાઈ રાડીયા સહિત મહાનગરપાલિકાના કોર્પોરેટરો, રાજકોટ મહાનગરપાલિકાના અધિકારી-કર્મચારીઓ વગેરે ઉપસ્થિત રહેશે.